GSCSC

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957

## ટેન્ડર દસ્તાવેજ (બિન–તબદીલીપાત્ર)

## ટેન્ડર નોટીસ નં.DSDS-જિલ્લો

## તા. ૦૮-૦૨-૨૦૧૮

રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી વર્ષ.૨૦૧૮-૧૯ માટે વ્યાજબી ભાવની દુકાને બેઠા, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રો બેઠા આવશ્યક ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી

( ડોર સ્ટેપ ડીલીવરી સ્કીમ– **DSDS**)

| | |
|---|---|
| **અનુક્રમ નંબર** | |

કિંમત રૂા.૧,૦૦૦/–

તાલુકા/ઝોનનું નામ...................................................................

ટેન્ડરરનું નામ ...................................................................

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


## ટેન્ડર દસ્તાવેજ (બિન–તબદીલીપાત્ર)

† અનુક્રમ નંબર

ટેન્ડર નોટીસ નંબર :– **DSDS-**

તારીખઃ– ૦૮-૦૨-૨૦૧૮

**રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી વર્ષ.૨૦૧૮-૧૯ માટે વ્યાજબી ભાવની દુકાને બેઠા, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રો બેઠા આવશ્યક ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી**

**( ડોર સ્ટેપ ડીલીવરી સ્કીમ– DSDS)**


| અ.નં. | વિગતો | પાના નંબર |
|---|---|---|
| ૧. | રીવર્સ ઈ-ઓકશન રજીસ્ટ્રેશન અંગેની વિજ્ઞાપ્તી નોટીસ | ૩ |
| ૨. | રીવર્સ ઈ-ઓકશન અંગેની ટેન્ડર નોટીસ અને શીડયુલ, ફોર્મ અને એકરારનામું | ૪ થી ૧૦ |
| ૩. | વર્ષ ૨૦૧૮-૧૯ માર્ગદર્શક સુચનો | ૧૧ થી ૧૭ |
| ૪. | વર્ષ ૨૦૧૮-૧૯ સામાન્ય શરતો | ૧૮ થી ૨૪ |
| ૫. | વર્ષ ૨૦૧૮-૧૯ કરારનામું | ૨૫ થી૩૧ |

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


**રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી જિલ્લાવાર પરિવહન ઈજારા, તાલુકા/ઝોનવાર સ્ટેપ ડીલીવરી ઈજારા તેમજ ગોડાઉનવાર લેબર ઈજારા સુપ્રત કરવા અંગે નોંધણી (રજીસ્ટ્રેશન) કરવા બાબત.**

વર્ષ ૨૦૧૮-૧૯ માટે નીચે મુજબના ઈજારાઓ સુપ્રત કરવા બાબતે રસ ધરાવતા ઈસમોને નોધણી કરાવવા જાહેર વિજ્ઞપ્તિ.

| અ. નં. | વિગત | અંદાજીત ઈજારાની સંખ્યા |
|---|---|---|
| ૧. | એફ.સી.આઈ.સી. ડબલ્યુ.સી. અને અન્ય ખરીદી કેન્દ્રોથી અનાજ અને ખાંડ, દાળ, કઠોળ, ખાદ્યતેલ વિગેરે ચીજવસ્તુઓ નિગમના ગોડાઉનો સુધી પહોચાડવા જિલ્લાવાર પરિવહન ઈજારા | ૨૮ |
| ૨. | નિગમના ગોડાઉનોથી વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો તેમજ આઈ.સી.ડી.એસ. હેઠળ આંગણવાડી કેન્દ્રો તેમજ નિગમ જણાવે તે સ્થળો સુધીના તાલુકાવાર/ઝોનવાર ડોર સ્ટેપ ડીલીવરી ઈજારા | ૨૭૧ |
| ૩. | નિગમના ગોડાઉનો ખાતે અનાજ, ખાંડ, દાળ, કઠોળ, આયોડિનયુકત મીઠું, ખાદ્યતેલ વિગેરે ચીજવસ્તુઓની ચઢાઈ/ઉતરાઈ, સમભરતી તેમજ એમએસપી હેઠળની અનાજની પ્રાપ્તિ અંગેની ગોડાઉનવાર મજુરી કામના ઈજારા | ૨૦૪ |

ઉપરોક્ત ઈજારાઓની કામગીરીઅન્વયે જરૂરી ઓનલાઈન રજીસ્ટ્રેશન ઈ-ઓકશન પોર્ટલ https://gscsc-eauction.nprocure.com ઉપર તારીખ ૧૨/૦૨/૨૦૧૮ સુધીમાં જરૂરી દસ્તાવેજો સ્કેન કરી (અપલોડ) કરવાના રહેશે તેમજ અપલોડ કરાવેલ વિગતો તેમજ દસ્તાવેજો ની સ્વ-પ્રમાણિત નકલ જરૂર જણાયે પુરા પાડી ખરાઈ અર્થે મૂળ નકલ બતાવવાની રહેશે.

તા. ૩૧/૦૧/૨૦૧૮ — જનરલ મેનેજર

ગાંધીનગર.

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે જિલ્લાવાર પરિવહન ઈજારા, તાલુકા ઝોનવાર ડોર સ્ટેપ ડીલીવરી પરીવહન ઈજારા તેમજ નિગમના ગોડાઉનવાર મજુરી કામના ઈજારા સુપ્રત કરવા બાબતની જાહેર વિજ્ઞપ્તિ.

નિગમ દ્વારા તા. ૦૧/૦૨/૨૦૧૮ના વર્તમાનપત્રોમાં ઉપરોક્ત વિષયે રસ ધરાવતા ટેન્ડરરોને ઈ-ઓકશન પોર્ટલ **https://gscsc-eauction.nprocure.com** ઉપર રજીસ્ટ્રેશન કરાવવાની તા. ૧૨/૦૨/૨૦૧૮ સુધી રાખવામાં આવેલ. ઉપરોક્ત સમયમર્યાદામાં વધારો કરી બીડર ઈ-ઓકશન તારીખના એક(૧) દિવસ અગાઉ રજીસ્ટ્રેશન કરાવી શકશે અને ઈ-ઓકશન પ્રક્રિયામાં ભાગ લઇ શકશે. આ ઉપરાંત દરેક બિડરને વિનંતી છે કે, રીવર્સ ઈ-ઓકશન માટેની જરૂરી ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી માટેનું પુરતું બેલેન્સ ઈ-ઓકશન તારીખના એક(૧) થી બે(૨) દિવસ અગાઉ ઓન લાઈન પોર્ટલ મારફતે જમા કરાવવાનું રહેશે. ઈ –ઓકશન માટેનું જરૂરી બેલેન્સ સમય-મર્યાદા માં જમા કરાવવાની જવાબદારી સંપૂર્ણપણે બિડરની રહેશે, પૂરતા બેલેન્સના અભાવે બિડર ઈ-ઓકશનની પ્રક્રિયામાં ભાગ લઇ શકશે નહિ તેની તમામ બિડરોએ નોંધ લેવી.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે જિલ્લાવાર પરિવહન ઈજારા, તાલુકા/ઝોનવાર ડોર સ્ટેપ ડીલીવરી પરિવહન ઈજારા તેમજ નિગમના ગોડાઉનવાર મજુરી કામના ઈજારા સુપ્રત કરવા અંગેના વિગતવાર શીડ્યુલ આ સાથે નીચે મુજબ રાખવામાં આવેલ છે, જે ધ્યાને લઇ તમામ રસ ધરાવતા ટેન્ડરરોને નિયત સમય-મર્યાદામાં રજીસ્ટ્રેશન કરાવી રીવર્સ ઈ-ઓકશનમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે.

## ડોર સ્ટેપ ડીલીવરી પરિવહનના ઈજારા ઈ-ઓકશન શીડયુલ

| તારીખ | સમય | તાલુકા/ઝોનનું નામ | તાલુકા/ઝોનનું નામ | તાલુકા/ઝોનનું નામ | તાલુકા/ઝોનનું નામ |
|---|---|---|---|---|---|
| ૨૧/૦૨/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | અસારવા | નડીયાદ સીટી | હાંસોટ | જામનગર સીટી |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | સાબરમતી | નડીયાદ ગ્રામ્ય | ભરૂચ | ધ્રોલ |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | રખિયાલ | મહુધા | વાઘરા | જામનગર/દરબાર |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | કાલુપુર | મહેમદાવાદ | જંબુસર | જોડિયા |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૩:૦૦ થી ૧૪:૦૦ | ખાડિયા | માતર | આમોદ | જામનગર/લાલ |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૪:૦૦ થી ૧૫:૦૦ | મણીનગર | ખેડા | જગડિયા | કાલાવાડ |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | શહેર કોટડા | કઠલાલ | વાલિયા | જામનગર/ગ્રામ્ય |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | એલિસબ્રિજ | કપડવંજ | અંકલેશ્વર | જામજોધપુર |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૭:૦૦ થી ૧૮:૦૦ | દરિયાપુર/કાજીપુર | ઠાસરા | આહવા | ઝાલોદ |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૮:૦૦ થી ૧૯:૦૦ | શાહપુર | ગળતેશ્વર | વઘઈ | ફતેપુરા |
| ૨૧/૦૨/૨૦૧૮ | ૧૯:૦૦ થી ૨૦:૦૦ | જમાલપુર | વડોદરા ઝોન ૧ થી ૩ | જુનાગઢ | ભાણવડ |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | નરોડા | વાઘોડિયા | ભેસાણ | જામ ખંભાળીયા |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | સરખેજ-૧ | વડોદરા ઝોન ૪ થી ૬ | કેશોદ | જામ કલ્યાણપુર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | વટવા | કરજણ | માળિયા હાટીના | દ્વારકા |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | સરખેજ-૨ | વડોદરા ગ્રામ્ય | માણાવદર | ગઢડા |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૩:૦૦ થી ૧૪:૦૦ | સાણંદ | ડભોઇ | માંગરોળ | બોટાદ |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૪:૦૦ થી ૧૫:૦૦ | બાવળા | પાદરા | મેંદરડા | બરવાળા |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | વિરમગામ | સાવલી | વંથલી | રાણપુર |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | માંડલ | સિનોર | વિસાવદર | સાવરકુંડલા |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૭:૦૦ થી ૧૮:૦૦ | દેત્રોજ | આણંદ શહેર | છોટા ઉદેપુર | ભાવનગર સીટી |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૮:૦૦ થી ૧૯:૦૦ | ધંધુકા | ઉમરેઠ | કવાંટ | ઘોઘા |
| ૨૨/૦૨/૨૦૧૮ | ૧૯:૦૦ થી ૨૦:૦૦ | ધોલેરા | આણંદ ગ્રામ્ય | સંખેડા | ઉમરાળા |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | ધોળકા | બોરસદ | નસવાડી | ભાવનગર ગ્રામ્ય |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | દસ્ક્રોઈ | અંકલાવ | પાવીજેતપુર | વલ્લભીપુર |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | સુરેન્દ્રનગર | સોજીત્રા | દાહોદ | ગારીયાધાર |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | વઢવાણ | ખંભાત | દેવગઢ બારિયા | સિંહોર |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૩:૦૦ થી ૧૪:૦૦ | લીંબડી | તારાપુર | લીમખેડા | પાલીતાણા |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૪:૦૦ થી ૧૫:૦૦ | ચુડા | પેટલાદ | ગરબાડા | મહુવા |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | સાયલા | વારાહી | ધાનપુર | તળાજા |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | ચોટીલા | ગોધરા | નવસારી | અમરેલી |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૭:૦૦ થી ૧૮:૦૦ | મુળી | મોરવા | અમલસાડ | બાબરા |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૮:૦૦ થી ૧૯:૦૦ | લખતર | હાલોલ | બીલીમોરા | ધારી |
| ૨૩/૦૨/૨૦૧૮ | ૧૯:૦૦ થી ૨૦:૦૦ | ધાંગધ્રા | જાંબુઘોડા | ચીખલી | દામનગર/લાઠી |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | પાટડી | શહેરા | વાસદા | લીલીયા |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | મહેસાણા | કાલોલ | જલાલપોર | જાફરાબાદ |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | જોટાણા | ઘોઘંબા | રાજપીપળા | ખાંભા |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | બેચરાજી | લુણાવાડા | ડેડિયાપાડા | રાજુલા |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૩:૦૦ થી ૧૪:૦૦ | ખેરાલુ | ખાનપુર | સાગબારા | વડીયા |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૪:૦૦ થી ૧૫:૦૦ | સતલાસણા | સંતરામપુર | તિલકવાડા | બગસરા |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | વડનગર | પાલનપુર | બારડોલી | ભુજ |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | વિજાપુર | વડગામ | માંગરોળ | માંડવી |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૭:૦૦ થી ૧૮:૦૦ | ઉંઝા | અમીરગઢ | કીમ | અંજાર |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૮:૦૦ થી ૧૯:૦૦ | વિસનગર | ધાનેરા | ઓલપાડ | ગાંધીધામ |
| ૨૬/૦૨/૨૦૧૮ | ૧૯:૦૦ થી ૨૦:૦૦ | કડી | સુઈગામ | કડોદરા | ભચાઉ |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | હિમંતનગર | થરાદ | માંડવી | રાપર |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | ઇડર | વાવ | મઢી | નખત્રાણા |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | વડાલી | દિયોદર | ઉધના ઝોન | નલીયા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | ખેડબ્રહ્મા | શિહોરી | મહુવા | દયાપર |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૩:૦૦ થી ૧૪:૦૦ | પોશીના | ભાભર | લીંબાયત | ખાવડા |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૪:૦૦ થી ૧૫:૦૦ | વિજયનગર | દાંતીવાડા | વરાછા | રાજકોટ ઝોન-૧ |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | પ્રાંતિજ | દાંતા | નાનપુરા | ગોંડલ |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | તલોદ | ડીસા | ચોર્યાશી નવાગામ | રાજકોટ ઝોન-૨ |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૭:૦૦ થી ૧૮:૦૦ | ભિલોડા | લાખણી | ચોકઝોન નવાગામ | જેતપુર |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૮:૦૦ થી ૧૯:૦૦ | માલપુર | ગાંધીનગર | રાંદેર | રાજકોટ ઝોન-૩ |
| ૨૭/૦૨/૨૦૧૮ | ૧૯:૦૦ થી ૨૦:૦૦ | મોડાસા | દહેગામ | પૂર્ણા | ધોરાજી |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | બાયડ | કલોલ | કતારગામ | રાજકોટ ઝોન-૪ |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | મેઘરજ | માણસા | અમરોલી | ઉપલેટા |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | ધનસુરા | ગીર ગઢડા | ચોર્યાશી(રાંદેર) | રાજકોટ ગ્રામ્ય |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૨:૦૦ થી ૧૩:૦૦ | પાટણ | વીરપુર | મુંદ્રા | જામ કંડોરણા |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૩:૦૦ થી ૧૪:૦૦ | સિધ્ધપુર | બાલાશિનોર | ધરમપુર | મોરબી |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૪:૦૦ થી ૧૫:૦૦ | ચાણસ્મા | કડાણા | વલસાડ | માળિયા મિયાણા |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૫:૦૦ થી ૧૬:૦૦ | હારિજ | પડધરી | પારડી | વાંકાનેર |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૬:૦૦ થી ૧૭:૦૦ | સમી | જસદણ | સંજાણ | હળવદ |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૭:૦૦ થી ૧૮:૦૦ | રાધનપુર | વિંછીયા | કપરાડા | ટંકારા |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૮:૦૦ થી ૧૯:૦૦ | પોરબંદર | લોધિકા | વ્યારા | વેરાવળ |
| ૨૮/૦૨/૨૦૧૮ | ૧૯:૦૦ થી ૨૦:૦૦ | રાણાવાવ | કોટડાસાંગાણી | સોનગઢ | તાલાળા |
| ૦૧/૦૩/૨૦૧૮ | ૦૯:૦૦ થી ૧૦:૦૦ | કુતિયાણા | | ઉચ્છલ | સુત્રાપાડા |
| ૦૧/૦૩/૨૦૧૮ | ૧૦:૦૦ થી ૧૧:૦૦ | | | વાલોદ | કોડીનાર |
| ૦૧/૦૩/૨૦૧૮ | ૧૧:૦૦ થી ૧૨:૦૦ | | | કુકુરમુંડા | ઉના |

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


## વર્ષ ૨૦૧૮-૧૯ માટે વ્યાજબી ભાવની દુકાને બેઠા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો તેમજ અન્ય કેંદ્રો બેઠા ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી ( ડોર સ્ટેપ ડીલીવરી યોજના)ના ઈજારાની માર્ગદર્શક સુચનાઓ.

### ૧. રીવર્સ ઈ.ઓકશન પધ્ધતિથી ડોર સ્ટેપ ડીલીવરી ઈજારા સુપ્રત કરવા અંગે નોંધણી (રજીસ્ટ્રેશન) બાબતે માર્ગદર્શક સુચનાઓ

(૧) ઈ–ઓકશન ભરવામાં રસ ધરાવનાર તમામ પ્રકારના ઈજારદારો જેવા કે, ખાનગી,ભાગીદારી પેઢી, કંપની, સહકારી મંડળી,ટ્રસ્ટ,એસોસીયેશન, એસ.એસ.આઈ. યુનિટ કે ગમે તે પ્રકારના હોય તે તમામ ઈજારદારોએ વેબસાઈટ https://gscsc-eauction.nprocure.com પર રજીસ્ટ્રેશન(રજીસ્ટ્રેશન હેલ્પ મેન્યુઅલ વેબસાઈટના નોટીસ બોર્ડ સેકશનમાં મૂકેલ છે.) કરવાનું રહેશે જેમાં માંગેલ તમામ વિગતો ભરી સબમીટ કરતાં યુઝર આઈડી અને પાસવર્ડ બનશે. ઓકશન દસ્તાવેજ/ડોકયુમેન્ટ આજ વેબસાઈટ પર નોટીસ બોર્ડ સેકશનમાં જોવા મળશે.

(૨) રજીસ્ટ્રેશન પ્રક્રિયા દરમ્યાન ઈજારદારોએ તેમના ઈમેઈલ આઈડી અને મોબાઈલ નંબર વેરીફાઈ કરવાના રહેશે. દા.ત.

(અ) ઈમેઈલ આઈડી વેરીફાઈ કરવા ઈમેઈલ આઈડી લખી "SEND VERIFICATION MAIL" પર કલીક કરવું જેથી દર્શાવેલ ઈમેઈલ (gmail/yahoo વગેરે પર ચેક કરવું) પર એનકોડ સોલ્યુશન ધ્વારા મોકલાયેલ ઈમેઈલ પર "CLICK HERE TO ACTIVATE YOUR ACCUONT" લીંક પર કલીક કરવાનું રહેશે જેથી ઈમેઈલ આઈડી વેરીફાઈ થઈ જશે.

(બ) મોબાઈલ નંબર વેરીફાઈ કરવા મોબાઈલ નંબર લખી "SEND OTP" પર કલીક કરવું અને આપેલ મોબાઈલમાં SMS માં આવેલા આવેલાં ચાર ડીઝીટના OTP ને OTP વાળા ખાનામાં લખી બાજુમાં વેરીફાઈ પર કલીક કરવાથી મોબાઈલ નંબર વેરીફાઈ થઈ જશે.

(૩) રજીસ્ટ્રેશન પ્રક્રિયા બાદ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવા "SIGN IN" પર કલીક કરવું, યુઝર આઈડી પાસવર્ડ નાંખી જનરેટ OTP બટન પર કલીક કરવું અને મોબાઈલ અથવા ઈમેઈલ પર આવેલાં ચાર ડીઝીટના નંબરને OTP વાળા ખાનામાં લખી સાઈન ઈન પર કલીક કરવું. આ મુજબ કરવાથી ઈજારદાર સફળતાથી લોગઈન થઈ જશે અને ઓકશનમાં ભાગ લઈ શકશે. જો સાઈન ઈન/લોગીન કરતી વખતે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર હાજર ન હોય તો ઓલ્ટરનેટ મોબાઈલ નંબર પર OTP મેળવવા "SEND OTP TO ALTERNATE NO" પર કલીક કરી લોગીન કરી શકાશે.

(૪) ઈજારદારે ઓકશન ઈએમડી(અર્નેસ્ટમની ડીપોઝીટ) ઓનલાઈન જ ભરવાની રહેશે જે માટે સાઈન ઈન કરી એડ બેલેન્સ પર કલીક કરી આપેલ વિવિધ ઓપ્શન પૈકી કોઈ એક પસંદ કરી ઈએમડી બેલેન્સ કરવાની રહેશે. ઓકશન માટે જરૂરી ઈએમડી ઈવોલેટમાં નહીં હોય તો ઈજારદાર ઓકશનમાં ભાગ લઈ શકશે નહીં. આથી સીંગલ કે મલ્ટીપલ ઓકશનમાં ભાગ લઈ રહેલાં

ઈજારદારોએ દરેક ઓકશનની ટોટલ ઈએમડીની એડહોક રકમ ઈવોલેટમાં અગાઉ થી જ જમા કરાવી દેવી.

(૫) જયારે ઈજારદાર ઓકશનમાં પ્રથમ બીડ નાંખશે ત્યારે તેની ઈએમડી ની રકમ તેના ઈવોલેટમાંથી આપો આપ બ્લોક થઈ જશે.

(૬) ઈજારદારે ઓકશનમાં પ્રથમ બીડમાં દરેક સ્લેબ/આઈટમ માં પોતાની પસંદગીનો રેટ નાંખવો ફરજીયાત રહેશે. ત્યારબાદ કોઈપણ સ્લેબમાં પોતાની છેલ્લી બીડથી (યોર બીડ) થી ઘટી શકશે. પોતાની છેલ્લી બીડથી વધારે બીડ ભરી શકાશે નહીં.

(૭) ઈજારદારે પોતાની ટોટલ પ્રાઈસ અને એલ.૧(ન્યુનતમ બીડર/લોએસ્ટ બીડર) ઈજારદારની ટોટલ પ્રાઈસ સરખામણી કરતાં રહેવી જો પોતાની ટોટલ પ્રાઈસ, એલ.૧ ની ટોટલ પ્રાઈસ કરતાં વધારે હશે તો કોન્ટ્રકટ લેવા – એલ.૧ બનવા જો ઈજારદારને યોગ્ય લાગે તો ઈજારદારે જે તે સ્લેબમાં ઘટાડો કરી સબમીટ કરવું. જો ઈજારદાર પોતે એલ.૧ બની જશે તો તેને ટોટલ પ્રાઈસની સામે હથોડીનું ચિન્હ દેખાશે. જો આ ચિન્હ જતું રહે તો સમજવું બીજો કોઈ ઈજારદાર એલ.૧ થાય છે.

(૮) સ્લેબવાઈઝ ટોટલ પર ઈજારદાર એલ.૧ હશે તો પણ તેને હથોડીનું ચિન્હ જે તે સ્લેબ સામે બતાવશે પરંતુ જો ટોટલ પ્રાઈસ સામે હથોડીનું ચિન્હ ન બતાવે તો ઈજારદારે પોતે એલ.૧ નથી તેવું સ્પષ્ટ થાય છે.

(૯) ઓકશનના અંત સમયે છેલ્લી પાંચ મીનીટે જો કોઈ બીડ આવશે તો ઓકશન પાંચ મીનીટ લંબાશે આ પ્રકારના ત્રણ કાઉન્ટર (ચાન્સ) આપવામાં આવશે. કાઉન્ટર જોવા જમણી બાજુ ઉપર (+) બટન પર કલીક કરવું.

૧૦) છેલ્લા કાઉન્ટર પછી છેલ્લી પાંચ મીનીટમાં બીડ આવ્યા છતાં ઓકશન લંબાશે નહીં અને ઓકશન સંપુર્ણ થઈ જશે.

૧૧) ઈ.ઓકશન સપોર્ટ(મદદ) માર્ગદર્શન માટે નીચે જણાવ્યા મુજબ જરૂરી સંપર્ક કરવો.

E-AUCTION SUPPORT
(n)CODE SOLUTIONS, A DIVISION OF GNFC LTD
403,GNFC INFO TOWER, BODAKDEV,
AHMEDABAD-380054
PH No 079-40007513/14/17
TOLL FREE NO: 1800 419 4632
EMAIL ID : nprocure@ncode.in

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in
Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


## વર્ષ ૨૦૧૮-૧૯ માટે વ્યાજબી ભાવના દુકાન બેઠા, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો બેઠા ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી ( ડોર સ્ટેપ ડીલીવરી યોજના) માટેના ઈજારાના ટેન્ડર ફોર્મ ભરવા માટેની લાયકાત અંગેની વિગતો.

નીચે મુજબની વિગતો અન્વયે જરૂરી દસ્તાવેજની સ્વપ્રમાણીત નકલ-સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.

પાસપોર્ટ સાઈઝનો ફોટો સહી સાથે

૧૧. નામ:
સરનામુ:
પીન કોડ નં :
ટેલીફોન નં: :ફેકક્ષ નં
મોબાઇલ નં:
ઇમેઇલ નં:

૧૨. આવકવેરા કાયદા હેઠળ કાયમી ખાતા નં )PAN)

૧૩. પ્રોવીડન્ટ ફંડ નં:(એફ.પી).

૧૪. CGST/SGST No.

૨૧. જો ટેન્ડરર ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની નોટરી કરાવેલ હોય તો તેની નકલ અને પાવર ઓફ એટર્નીની નકલ,
જો લીમીટેડ કંપની હોય તો સર્ટીફીકેટ ઓફ ઇનકોર્પોરેશનની નકલ,
જો સહકારી મંડળી, ટ્રસ્ટ કે એશોશીએશન હોય તો, તે અંગેનુ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ.

૩૧. છેલ્લા નાણાકીય વર્ષની બેલેન્સ સીટ, પ્રોફીટ એન્ડ લોસ પત્રક, ચાર્ટડ એકાઉટન્ટના સહી સિક્કા સાથે.

૩૨. છેલ્લા વર્ષના ઇન્કમ ટેક્ષ રીટર્નની નકલ.

૪૧. બેંક ખાતાની વિગતો.
બેંકનુ નામ: :શાખા
ખાતા નંબર : IFSC Code No:
MICR No. કેન્સલ ચેકની નકલ:

ઉપર મુજબની તમામ વિગતોની સ્વ-પ્રમાણિત નકલ ઈ-ઓકશન રજીસ્ટ્રેશન પોર્ટલ ઉપર સ્કેન કરી અપલોડ કરેલ છે. તે મૂળ કાગળો ચકાસણી માટે રજુ કરવાના થાય તો અમોને જણાવવામાં આવે ત્યારે અમે પુરા પાડીશું.

વિગતો રજુ કરનારટેન્ડરરની સહી તથા સિકકો
(સહી કરનારની તરફેણમાં પાવર ઓફ એટર્ની હોવો જરૂરી છે.)

## -: એકરારનામું :-

ટેન્ડરરે રૂ.૧૨૦ ના સ્ટેમ્પ/ફ્રેન્કીંગ ઉપર સહીસિક્કા કરી અને નોટોરાઇઝ કરાવી નોંધણી)રજીસ્ટ્રેશન (સાથે સ્કેન કરી અપલોડ કરવાનુ રહેશે.

(૧) આથી હુ જાહેર કરુ છુ કે, મને અથવા અમારી પેઢીને અથવા પેઢીના કોઇપણ ભાગીદાર/ડીરેકટરને નિગમ દ્વારા કે રાજય/કેન્દ્ર સરકારશ્રીના વિભાગો અને જાહેર સાહસો દ્વારા ભુતકાળમાં બ્લેકલીસ્ટ/ડીબાર્ડ કરવામાં આવેલ નથી અને જો કરવામાં આવેલ હોય તો ટેન્ડરની તારીખે તેનો અમલ ચાલુ નથી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં)૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ (મને અથવા અમારી પેઢીના કોઇપણ ભાગીદાર/ડીરેકટરને નિગમ દ્વારા કે રાજય/કેન્દ્ર સરકારશ્રીના વિભાગો અને જાહેર સાહસો દ્વારા ઇજારાની મુદત પુરી થયા પહેલા ટર્મીનેટ કરવામાં આવેલ નથી કે અર્નેસ્ટમની ડીપોઝીટ કે સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવેલ નથી.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં)૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ (મને અથવા અમારી પેઢીના કોઇપણ ભાગીદાર/ડીરેકટરને કોર્ટ દ્વારા દોષી ઠરાવી ત્રણ વર્ષ કે તેથી વધારે સજા થયેલ નથી.

(૪) મે)અમો (દ્વારા નિગમ જણાવે તે મુજબની જરૂરીયાતના વાહનો પોતાના કે ભાડેથી પુરા પાડવા અને તે તમામ વાહનોમાં જી.પી.એસ સીસ્ટમ લગાડવા બાહેંધરી આપીએ છીએ.

(૫) મે)અમો (દ્વારા રીવર્સ ઇ-ઓકશનમાં નોંધણી કરેલ છે .તે હેસિયતથી કાનુની રીતે સંપુર્ણપણે સાચું અને બરાબર છે.

(૬) ગ્રીન ટ્રીબ્યુનલ ધારો-૨૦૧૦, ઇન્ડસ્ટ્રીયલ અને લેબર લો, ફેકટરી એકટ, ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ)CGST/SGST) GPS System અને અન્ય કાયદાકીય જોગવાઇઓનું પાલન કરવાની બાહેંધરી આપવામાં આવે છે.

(૭) મે) અમો (કે અમારી તરફેણમાં વ્યાજબી ભાવની દુકાન ચલાવવાં માટે પરવાનો કે મંજુરી મળેલ નથી વ્યાજબી ભાવની દુકાન, સહકારી મંડળી દ્વારા ચલાવવામાં આવતી હોય તો તેમા હુ કે અમો હોદ્દેદાર નથી .

(૮) હું કે અમો વ્યકતિ કે પેઢીના ભાગીદાર, મંડળી કે કંપનીના ડીરેકટર, જિલ્લા/તાલુકા પુરવઠા સલાહકાર સમિતિ કે અન્ન નાગરિક પુરવઠા ખાતા ને લગતી અન્ય કોઇપણ સમિતિના સભ્ય કે હોદ્દેદાર નથી .

મે અથવા અમે આપેલી ઉપર મુજબની તમામ માહીતી પ્રામાણીકપણે સાચી અને ખરી છે .આ માહીતી જો ખોટી જો જણાશે તો નિગમને કોઇપણ કારણ કે નોટીસ આપ્યા વગર મને/અમોને ગેરલાયક જાહેર કરવાનો અને ઇજારો રદ કરવાનો પણ અધિકાર રહેશે. તેમજ નિગમ નક્કી કરે તે દંડનીય કાર્યવાહી કરવા માટે તેમજ કાળીયાદીમાં મુકવા માટે નિગમને અબાધિત અધિકાર રહેશે તેમ અમો સમંતિ આપીએ છીએ.

પાસપોર્ટ સાઇઝનો
ફોટો સહી સાથે

વિગતો રજુ કરનાર ટેન્ડરરની કંપની/પેઢીના
સહી અને સિક્કો
(સહી કરનારની તરફેણમાં પાવર ઓફ એટર્ની હોવો જરૂરી છે).

# ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ
(ગુજરાતસરકારનું સાહસ)
ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮
સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦
Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in
Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


## ૨. ટેન્ડર ફોર્મ રજૂ કરવા અંગે

### રજીસ્ટ્રેશન

રજીસ્ટ્રેશન માટે જણાવેલ જરૂરી દસ્તાવેજો સ્વ-પ્રમાણિત કરી upload કરવાના રહેશે.

૨.૧ ટેન્ડરરનું આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતા કાયમી ખાતા નંબરની સર્ટિફીકેટની સ્વ-પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

૨.૨ (અ) ટેન્ડરરનું રીજીયોનલ પ્રોવિડંડ કચેરી દ્વારા આપવામાં આવેલ સમયમર્યાદામાં પી.એફ.કોડ નંબરની સ્વ-પ્રમાણિત કર્યાના સહીસિક્કા સાથેના પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

(બ)તેમજ લેબર/ઇન્ડસ્ટ્રીયલ લો અને ફેકટરી એક્ટની સબંધિત કાયદાકીય જોગવાઈનું પાલન કરવાનું રહેશે.

(ક) ભારત સરકારના ગુડઝ એન્ડ સર્વીસ ટેક્ષની જોગવાઈ અનુસાર ટેન્ડરરનું વાર્ષિક ટર્ન ઓવર રૂા.૨૦ લાખ કે તેથી વધુ હોય તો તેઓએ ફરજીયતપણે જીએસટી રજીસ્ટ્રેશન નંબરની સ્વ–પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.
ટેન્ડરરનું વાર્ષિક ટર્ન ઓવર રૂા.૨૦ લાખથી ઓછું હોય તો ગુડઝ એન્ડ સર્વીસ ટેક્ષની કપાત કરી બીલનું ચુકવણું કરવામાં આવશે.
ઈન્કમટેક્ષ કાયદાની જોગવાઈ અનુસાર બીલમાંથી નિયત દરે ટીડીએસની પણ કપાત કરી ચુકવણું કરવામાં આવશે.

૨.3 ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની સ્વ-પ્રમાણિત કર્યાના સહીસિક્કા સાથેની પ્રમાણિત નકલ તથા પાવર ઓફ એટર્નીના નોટોરાઈઝડ દસ્તાવેજની સ્વ-પ્રમાણિત કર્યાના સહીસિક્કા સાથેની પ્રમાણિત નકલ upload કરવાની રહેશે.
ટેન્ડરર કંપની કાયદા હેઠળ, સહકારી મંડળી ના કાયદા હેઠળ, ટ્રસ્ટ કે એશોસિએશન હેઠળ નોંધાયેલી હોય તો તેના સર્ટિફિકેટ ઓફ ઇનકોર્પોરેશન કે નોંધણીની સ્વ-પ્રમાણિત કર્યાના સહીસિક્કા સાથેની પ્રમાણિત નકલ અથવા પાવર ઓફ એટર્ની હોય તો તેની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૨.૪. ટેન્ડરર પોતાની માલીકીના કે ભાડાના જરુરિયાત મુજબના આર.ટી.ઓ રજીસ્ટ્રેશન વાળા વાહનો પુરા પાડવાના રહેશે. આવા વાહનની આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન મુજબ પે–લોડની લધુતમ મર્યાદા એક મે.ટન કે તેથી વધુ હોય અને ઓપન/કલોઝ બોક્ષ કે ડમ્પર કે ગુડઝ બોડી ટાઈપ વાહન હોય તે જરુરી છે.

૨.૫ જે તે તાલુકા/ઝોનમાં વ્યકિત/ પેઢીની તરફેણમાં વ્યાજબી ભાવની દુકાન ચલાવવા માટે મંજુરી આપવામાં આવી હશે તેવી વ્યકિત/ પેઢી કે પેઢીના કોઈપણ ભાગીદારના નામે તે તાલુકા/ઝોન માટેનો ડોરસ્ટેપ ડીલીવરી પરિવહન ઈજારો મંજુર થઈ શકશે નહિ. જે વ્યક્તિ દવારા ડોરસ્ટેપ ડીલીવરી પરિવહન કામનાં ઇજારા માટેનું ટેન્ડર ફોર્મ ભરવામાં આવ્યું હોય તે વ્યક્તિ, સહકારી મંડળી દવારા ચલાવવામાં આવતી વ્યાજબી ભાવની દુકાનનાં કોઇ હોદેદાર હોવી જોઇએ નહી. ડોરસ્ટેપ ડીલીવરી પરિવહન કામનો ઈજારો મંજુર થયા બાદ પણ આ હકિકત ધ્યાને આવશે તો આ જોગવાઇનો ભંગ થવા બદલ મંજુર થયેલ ઈજારો રદ કરવામાં આવશે.

ટેન્ડરર વ્યકિત કે પેઢીના ભાગીદાર, મંડળી કે કંપનીના ડીરેકટર, જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ કે અન્ન નાગરિક પુરવઠા ખાતાને લગતી અન્ય કોઈ પણ સમિતિના સભ્ય તેમજ આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ કોઈપણ વ્યકિત,પેઢી,ભાગીદાર, મંડળી, ટ્રસ્ટ કે કંપનીના હોદ્દેદાર કે સરકારી વિભાગ સાથે સંકળાયેલ હોય તેવા તમામ ટેન્ડરરો ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

**૨.૬ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના તેમજ અન્ય કલ્યાણકારી યોજનાઓ ના જથ્થાઓનું ગોડાઉન ખાતેથી વ્યાજબી ભાવના દુકાનદારોને વિતરણ/પહોંચાડવા માટે ડોરસ્ટેપ ડીલીવરીના પરિવહન ઈજારદાર કે તેના અધિકૃત પ્રતિનિધી ધ્વારા હેન્ડ હેલ્ડ ટર્મીનલ (એચ.એચ.ટી.)/ પોઈન્ટ ઓફ સેલ(પીઓએસ)/ટેબ્લેટ કે અન્ય સાધનનો ઉપયોગ સરકાર/નિગમ જણાવે તે મુજબ કરવાનો રહેશે.**

૨.૭ ગ્રીન ટ્રીબ્યુનલ ધારા–૨૦૧૦ અન્વયે કરવાની થતી અમલવારી પરિવહન ઈજારદારો ધ્વારા કરવાની રહેશે. ગ્રીન ટ્રીબ્યુનલ તેમજ પરિવહનને લગતા અન્ય તમામ કાયદાઓનું પાલન / અમલવારી સંપૂર્ણપણે ઈજારદારે કરવાની રહેશે.

૨.૮ નિયત ટેન્ડર ફી તથા નિયત અર્નેસ્ટમની ડીપોઝીટની જરૂરી રકમ જુદા જુદા ઓનલાઈન પે-મેન્ટ ના માધ્યમો જેવા કે ક્રેડિટકાર્ડ, ડેબીટકાર્ડ, નેટ બેન્કીંગ, RTGS, NEFT મારફતે ઈ-ઓકશન પોર્ટલ (**https://gscsc-eauction.nprocure.com**)ના ઈ-વોલેટમાં નિયત સમયમર્યાદામાં જમા કરાવવાના રહેશે. ટેન્ડર ફી અથવા ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જમા કરાવવા સિવાયના ટેન્ડરર જે-તે જીલ્લાના ઈ-ઓકશન બીડમાં ભાગ લઇ શકશે નહિ.

ટેન્ડરર દ્વારા ઈ-ઓકશનમાં ભાગ લીધા બાદ એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરની અર્નેસ્ટમ મની ડીપોઝીટની રકમ બ્લોક થઇ જશે. જયારે તે સિવાયના અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટમ મની ડીપોઝીટની રકમ આપોઆપ તેઓના ઈ-વોલેટમાં પરત થઇ જશે જે તેઓ અન્ય ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે ઉપયોગ કરી શકશે.

૨.૯ ડોરસ્ટેપ ડીલીવરી ઈજારદારે વ્યાજબી ભાવના દુકાનદાર જે દિવસે નાણાં જમા કરાવે તે દિવસે અથવા પછીના દિવસે જથ્થાની ડીલીવરી સામાન્ય સંજોગોમાં કરવાની રહેશે. પરંતુ વ્યાજબી ભાવના દુકાનદાર નાણાં જમા કરાવે તેના મોડામાં મોડા ૩ દિવસમાં ડીલીવરી કરવાની રહેશે.

**૨.૧૦** સરકારશ્રીના તા.૨૨/૦૧/૨૦૧૬ ની સુચના મુજબ ઈજારદારે પરીવહન ઈજારામાં જે વાહનનો ઉપયોગ કરવામાં આવનાર છે. તે વાહનમાં જી.પી.એસ. સીસ્ટમ ફરજીયાત પણે મુકવાની રહેશે, તેમજ જી.પી.એસ. સીસ્ટમ હોઈ તેની સાથે સંપર્કમાં રહેવા તથા નિયમીત રીતે રીન્યુ થાય / કંપનીને રીન્યુઅલ માટે પેમેન્ટ થાય તે જોવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ બાબતે ઈજારદાર

ધ્વારા પરિવહન દરમ્યાન ઉપયોગમાં લેવાતી કોઈપણ ટ્રકમા જો નિગમે નિયત કરેલ જીપીએસ સીસ્ટમ લગાવેલ ન હોય તો પ્રતિ દિન ,પ્રતિ ટ્રક રુ.૫૦૦/ના દંડની વસુલાત કરવામાં આવશે.

**G.P.S.સીસ્ટમનું મોનીટરીંગ જિલ્લા કલેકટર/મામલતદાર કચેરી, પુરવઠા નિગમની જિલ્લા તેમજ ગોડાઉન કચેરીએ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા થઈ શકે તે માટે G.P.S.સંલગ્ન(વેબ સાઈટ,યુજર આઈડી અને પાસવર્ડ વગેરે. ) વિગતો પુરી પાડવાની રહેશે. આ માહિતી પુરી પાડવામાં નહીં આવે તો વાહન G.P.S. વગરનું ગણી તે માટેની દંડનાત્મક જોગવાઈ મુજબ દંડની કાર્યવાહી કરવામાં આવશે અને આ બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.**

૨.૧૧ જે તે તાલુકા/ઝોનમાં વ્યકિત/ પેઢીની તરફેણમાં વ્યાજબી ભાવની દુકાન ચલાવવા માટે મંજુરી આપવામાં આવી હશે તેવી વ્યકિત/ પેઢી કે પેઢીના કોઈપણ ભાગીદારના નામે તે તાલુકા/ઝોન માટેનો ડોરસ્ટેપ ડીલીવરી પરિવહન ઈજારો મંજુર થઈ શકશે નહિ. જે વ્યક્તિ દવારા ડોરસ્ટેપ ડીલીવરી પરિવહન કામનાં ઇજારા માટેનું ટેન્ડર ફોર્મ ભરવામાં આવ્યું હોય તે વ્યક્તિ, સહકારી મંડળી દવારા ચલાવવામાં આવતી વ્યાજબી ભાવની દુકાનનાં કોઇ હોદેદાર હોવી જોઇએ નહી. ડોરસ્ટેપ ડીલીવરી પરિવહન કામનો ઈજારો મંજુર થયા બાદ પણ આ હકિકત ધ્યાને આવશે તો આ જોગવાઇનો ભંગ થવા બદલ મંજુર થયેલ ઈજારો રદ કરવામાં આવશે.

૨.૧૨ જે ઈજારદારને ભૂતકાળમાં રાજય સરકાર/કેન્દ્ર સરકારના વિભાગો અને અન્ય જાહેર સાહસો ધ્વારા બ્લેકલીસ્ટળડીબાર્ડ કરવામાં આવ્યા છે તેમને તથા આ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર/ ડીરેકટરોનો જે પેઢીમાં ભાગીદાર/ ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢીને ડોરસ્ટેપ ડીલીવરી પરિવહનની કામગીરી **માટે ભાગ લઇ શકશે નહીં**.

૨.૧૩ છેલ્લા ત્રણ વર્ષ (૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮) માં ઈજારદારને રાજય /કેન્દ્ર સરકારના વિભાગો અને જાહેર સાહસો ધ્વારા ઈજારાની મુદત પુરી થયા પહેલા ટર્મીનેટ કરવામાં આવ્યા હોય અથવા તેમની અર્નેસ્ટમની ડીપોઝીટ કે સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવેલ હોય તો આ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર / ડીરેકટરોનો જે પેઢીમાં ભાગીદાર / ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢી ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

૨.૧૪ છેલ્લા ત્રણ વર્ષ (૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮) માં ઈજારદાર અથવા તો ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર /ડીરેકટરને કોર્ટ ધ્વારા દોષિત ઠેરવી ત્રણ વર્ષ કે તેથી વધારે સજા થયેલ હોય તો તેઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

૨.૧૫ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીના કોઈપણ ભાગીદાર /ડીરેકટર ભૂતકાળમાં ઉપર જણાવ્યા પ્રમાણે બ્લેકલીસ્ટ /ડીબાર્ડ કરવામાં આવેલ હોય અને ટેન્ડરની તારીખે તેનો અમલ ચાલું હોય તો આવા કિસ્સામાં તેઓ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

૨.૧૬ ઉપરોક્ત બાબતો પૈકી કોઇપણ બાબત ધ્યાને આવતા જરુરી ચકાસણી કરવામાં આવશે,તેમજ તેની ભૂતકાળની કામગીરી પણ ચકાસવામાં આવશેઅને રજુ કરવામાં આવેલી વિગતો ખોટી જણાશે તો આ જોગવાઈનો ભંગ થવા બદલ મંજૂર થયેલ ઈજારો રદ કરવામાં આવશે.

## રીવર્સ ઈ-ઓકશન બીડ:-

૩. રીવર્સ ઈ-ઓકશન બીડ પરિશિષ્ટ-૩ માં જણાવ્યા મુજબના તારીખ અને સમય મર્યાદામાં રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિ અનુસાર "ઓનલાઈન" જ રજુ કરવાના રહેશે. રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી ઓનલાઈન ભાવો પણ કોઇપણ કારણસર ટેન્ડરર ભરી શકશે નહિ તો તેમનું ટેન્ડર માન્ય ગણાશે નહિ.

## અર્નેસ્ટમની ડીપોઝીટ

૩.૧ જે-તે તાલુકા/ઝોન માટે ટેન્ડરમાં નિયત કરેલ રૂ. ૫૦,૦૦૦/-(અંકે રૂ. પચાસ હજાર પુરા) મુજબની અર્નેસ્ટમની ડીપોઝીટ ની રકમ ક્રેડિટકાર્ડ, ડેબીટકાર્ડ, નેટ બેન્કીંગ, RTGS, NEFT મારફતે ઈ-ઓકશન પોર્ટલ (**https://gscsc-eauction.nprocure.com**)ના ઈ-વોલેટના ટ્રાન્સફર પેમેન્ટ ગેટવે થી જ જમા કરાવવાના રહેશે. ડ્રાફ્ટ/પે-ઓર્ડર કે અન્ય કોઇપણ રીતે ટેન્ડર ફીની રકમ કે અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જમા કરાવી શકાશે નહિ.

ટેન્ડરર દ્વારા ઈ-ઓકશનમાં ભાગ લીધા બાદ એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ બ્લોક થઇ જશે. જયારે તે સિવાયના અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ આપોઆપ તેઓના ઈ-વોલેટમાં પરત થઇ જશે જે તેઓ અન્ય ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે ઉપયોગ કરી શકશે.

ટેન્ડરર દ્વારા ઈ-ઓકશનમાં ભાગ લીધા બાદ એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ બ્લોક થઇ જશે. જયારે તે સિવાયના અન્ય ટેન્ડરરોની અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ આપોઆપ તેઓના ઈ-વોલેટમાં પરત થઇ જશે જે તેઓ અન્ય ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે ઉપયોગ કરી શકશે.૩.૨ **e-auction** બીડ રજુ કરતા પહેલા ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ **RTGS, NEFT** ટ્રાન્સફરથી જમા કરવામાં આવશે નહિ તો તેવા ટેન્ડર રદ કરવામાં આવશેકોર્પોરેશન પાસે બાકી નીકળતી કોઇપણ લેણા ની રકમ ટેન્ડર ડીપોઝીટ તરીકે ગણી લેવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ.

૩.૩ કોઇપણ ટેન્ડરર તેમનું e-auction નિયત સમયમાં ભરીને આપ્યા પછી તેમનું e-auction ન ખોલવાની કે પરત લેવા માટેની તેમની લેખિત/મૌખિક રજૂઆત માન્ય રાખવામાં આવશે નહિ તેમજ જેટલા e-auction બીડ આવ્યા હોય તે તમામ નિયમાનુસાર e-auction નિયત સમયમર્યાદા પૂર્ણથતા ખોલવામાં આવશે તે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૩.૪ e-auction પદ્ધતિ પૂર્ણ થયા બાદ કોઈ ટેન્ડરર તેમના ભાવ પાછા ખેંચી લઇ શકશે નહિ. જો ટેન્ડરર તેમ કરશે તો તેમની અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને આવા ટેન્ડરરને વર્ષ ૨૦૧૮-૧૯ના ઈજારા માટે લાયક ગણવામાં આવશે નહિ.

૩.૫ જે ટેન્ડરર ભાવ સ્વીકારવામાં આવશે તે પછીના ક્રમમાં ભાવો આપનાર એલ.૧ સિવાયના અન્ય ટેન્ડરરોની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ e-auction પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જે-તે જિલ્લા માટે એકથી વધુ ઈજારા સુપ્રત કરી શકાશે જેથી તેવા ઈજારદારે અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જાણ કર્યેથી તુર્તજ જમા કરાવવાની રહેશે. જો તેમ નહિ કરવામાં આવે તો તેઓને વર્ષ દરમિયાન ની પરિવહન કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે.

૩.૬ જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિવસ-૭ સુધીમાં જરૂરી સિક્યોરિટી ડીપોઝીટ જમા કરાવી નિયત નમૂનામાં કરારનામું જિલ્લા મેનેજરશ્રી(ગ્રેડ-૧) અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી/સીટી મેનેજરશ્રી સાથે કરવાનું રહેશે. સાત દિવસ બાદ કરારખત કરવાના સંજોગોમાં બીજા દિવસથી પ્રતિ દિન રૂ. ૧૦૦૦/- (અંકે રૂ. એક હજાર પુરા) નો દંડ કરવામાં આવશે. આ જોગવાઈનો લાભ કરારખત કરવા માટે આપેલ સમય મર્યાદા ઉપરાંત દિવસ ૭–સાત સુધીજ મળવા

પાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહિ. આ રીતે આપેલ સમયમર્યાદામાં જરૂરી સલામતી થાપણ જમા કરાવી નિયત નમૂનામાં કરારખત નહિ કરનાર ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે અને તેના ખર્ચે અને જોખમે કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**૪. <u>ટેન્ડરના ભાવો</u> :**

ટેન્ડરરોએ પરિવહન ઈજારાની નીચે મુજબની કામગીરી માટેના દરો (કોમર્શીયલ બીડ ) રીવર્સ ઈ-ઓકશન પધ્ધતિથી જ નિયત નમુનામાં દરખાસ્ત કરવાના રહેશે. રીવર્સ ઈ-ઓકશન પધ્ધતિથી ઓન લાઈન ભાવો કોઈપણ કારણસર ટેન્ડરર ભરી શકશે નહિં તો તેમનું ટેન્ડર માન્ય ગણાશે નહિં.

**૪(૧) પરિવહન માટેના દર**

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના તાલુકા/શહેર કક્ષાએ આવેલ ગોડાઉનેથી ગોડાઉન સાથે સંકળાયેલી વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રો સુધી જાહેર વિતરણનો તેમજ અન્ય કલ્યાણકારી યોજનાનો જથ્થો પહોંચતા કરવા માટેના ભાવ.

| અ.નં. | કામગીરીના સ્લેબ | પરિવહનના દર( પ્રતિ નંગ) રૂા. પૈસા | | |
|---|---|---|---|---|
| | | ૫૦ કિ.ગ્રા. સુધીના કટ્ટા/ગુણીના | ૨૦ કિ.ગ્રા. સુધીના કટ્ટા/ગુણીના | તેલના ટીન/કાર્ટુનના |
| ૧ | ૦ થી ૫ કી.મી. | | | |
| ૨ | ૦ થી ૧૦ કી.મી. | | | |
| ૩. | ૦ થી ૨૦ કી.મી. | | | |
| ૪. | ૦ થી ૩૦ કી.મી. | | | |
| ૫. | ૦ થી ૪૦ કી.મી. | | | |
| ૬. | ૦ થી ૫૦ કી.મી. | | | |
| ૭. | ૫૦ કી.મી. ઉપર | | | |

૪:૨ ભાવો એક ગુણી/નંગ વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રો સુધી લઈ જઈ દુકાન કે કેન્દ્ર ખાતે વાહનમાંથી ઉતારી થપ્પી કરી આપવા માટેના છે. ખાલી ટ્રક ફેરા માટે કોઈ ચુકવણી કરવામાં આવશે નહીં. વળતા ફેરામાં અનાજ વિગેરે વહન કરવા માટે સરકાર જણાવે તો તે માટે કરારમાં નકકી કરવામાં આવેલા દરથી અડધા દરે ચુકવવામાં આવશે.

**૫: <u>રીવર્સ ઈ-ઓકશનમાં ભાગ લેવા બાબત:-</u>**

રીવર્સ ઈ-ઓકશન પદ્ધતિથી ભરેલ ભાવ ઈ-ઓકશન સમય મર્યાદામાં એકથી વધુ વાર આપી શકશે અને જે તે ઓકશનમાં ટેન્ડરરે અગાઉ ભરેલ ભાવ થી ઓછા ભાવ ઓછામાં ઓછા ઘટાડાના ગુણાંકમાં ઘટાડા મુજબ કરવાના રહેશે. અગાઉના ભાવથી ઘટાડવામાં આવેલ ભાવમાં વધારો કરી શકાશે નહિ.

**૬: <u>ટેન્ડરના ભાવ અંગે સમય મર્યાદા</u> :**

૬:૧ e-auction માં આપેલ ભાવો e-auction પૂર્ણ થયાની તારીખ થી <u>૯૦(નેવું)</u> દિવસ સુધી અમલી ગણાશે અને આ સમય દરમિયાન ટેન્ડરર તેમના ભાવો પાછા ખેંચી શકશે નહિ, સમયના અર્થઘટન અંગે ઇન્ડિયન લીમીટેશન એક્ટની જોગવાઈઓ લાગુ પડશે.

**૭: <u>ટેન્ડરના ભાવો અંગે વિચારણા</u> :**

૭:૧ ૨૦૧૭-૧૮ ના અંદાજીત ડોર સ્ટેપ ડીલીવરી સ્લેબવાર તેમજ પેકિંગની જાતવાર કુલ ખર્ચના આધારે તાલુકા/ ઝોન વાર અલગ અલગ એલ.૧ નક્કી કરવામાં આવશે. જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ના પેકિંગની જાતવાર જુદાજુદા જથ્થા(નંગ)ને સ્લેબવાર ટેન્ડરરોના આખરી દરખાસ્ત થયેલ (ઈ-ઓકશન) ભાવ(દર) સાથે ગણતરી કરી કુલ સંભવિત ખર્ચ નક્કી કરવામાં આવશે. અને કુલ સંભવિત ખર્ચ તાલુકા/ ઝોન વાર જેતે એલ.૧ ટેન્ડરરના ખર્ચ ઓછામાં ઓછો થયો જણાયે તેને આખરી એલ.૧ ગણવામાં આવશે. પરંતુ અન્ય ટેન્ડરરો- એલ-૨, એલ-૩ વિગેરે, એલ-૧થી સ્લેબવાર/પેકિંગના જથ્થાવાર ઓછા જણાશે તેમજ કોઈ એક થી વધુ સ્લેબવાર/પેકિંગના જથ્થાવાર એલ-૧ ટેન્ડરરના ભાવ સોંથી નીચા હશે પરંતુ નિગમને તે વ્યાજબી નહી જણાય તેવા કિસ્સામાં તો એલ-૧ ટેન્ડરરે જેતે તમામ સ્લેબમાં તે ભાવ મુજબ ઘટાડો કરી આપવાનો રહેશે. અન્યથા અન્ય એલ-૨, એલ-૩ વિગેરે ટેન્ડરરોને તમામ સ્લેબના ઓછામાં ઓછા ભાવ મુજબ ભાવ ઘટાડો કરી આપવાનો વિકલ્પ આપવામાં આવશે અને તે બાબત ધ્યાને લઇ ઈજારો સુપ્રત કરવા અંગે નો આખરી નિર્ણય લેવામાં આવશે. જે તમામ ટેન્ડરરોને બંધનકર્તા રહેશે.

૭.૨ ટેન્ડરર જેતે જીલ્લાઓના તાલુકા/ઝોન પૈકી ૫-પાંચ થી વધારે તાલુકા/ઝોન માટે એલ-૧ જાહેર થશે તો તે ટેન્ડરરને વધુમાં વધુ જિલ્લાવાર તેમજ સમ્રગ રાજયના ૨૮ જીલ્લાઓના ૨૭૧ તાલુકા/ઝોન પૈકી કોઇપણ ૫-પાંચ સુધીના તાલુકા/ઝોન માટે કામગીરી સુપ્રત કરવામાં આવશે. અને તેથી વધારે ના તાલુકા/ઝોન માટે આવેલ ક્રમશ: એલ-૨ કે એલ-૩ ટેન્ડરરને એલ-૧ના ભાવે કામગીરી કરવા જણાવવામાં આવશે અને તેઓ દ્વારા સ્વીકૃતિ આપવાની બાહેંધરી આપવાની રહેશે જે તમામ ટેન્ડરરો ને બંધનકર્તા રહેશે.

**૮: <u>ટેન્ડરની સ્વિકૃતિ</u> :**

૮.૧ ટેન્ડરમાં આવેલ ભાવો મંજુર કર્યા અંગે ની લેખિત જાણ જે તે ટેન્ડર ને કરવામાં આવશે . આવી જાણ સામાન્ય રીતે હાથોહાથ , આરપીએડી/યુપીસી/ટપાલ દ્વારા કરવામાં આવશે. ટપાલ મળવામાં વિલંબ થાય તો તે માટે કોર્પોરેશન જવાબદાર રહેશે નહિ.

૮.૨ કોઇપણ ટેન્ડર પૂરેપૂરું સ્વીકારવું અગર તો કામગીરીનો સ્લેબ મુજબ એકથી વધુ ટેન્ડરના ભાવો માન્ય રાખવાનો કોર્પોરેશનને અબાધિત હક્ક રહેશે. અને આ રીતે મંજુર થયેલા ટેન્ડરો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

૮.3 શક્ય હશે ત્યાં સુધી એક ટેન્ડરના ભાવો મંજુર કરવા પ્રયત્ન કરવામાં આવશે. છતાં કોર્પોરેશનને યોગ્ય લાગે તો અલગ અલગ કામગીરી માટે તેમજ કામગીરીના સ્લેબ્વાર એક કરતા વધારે

ઈજારદારની નિમણુક કરી શકશે. અને તે માટે તમામ ટેન્ડરર બંધનકર્તા રહેશે.

૮.૪ કોઇપણ ટેન્ડર સ્વીકારવું અગર તો તમામ ટેન્ડરો કોઇપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો કોર્પોરેશનને અબાધિત અધિકાર રહેશે. આમાં સૌથી નીચા ભાવનું ટેન્ડર સ્વીકારવું કે નહિ તેનો પણ સમાવેશ થાય છે.

૮.૫ સરકાર/નિગમ જરૂર પડ્યે ત્યારે રજુ કરેલ છે તે સિવાયના અન્ય જે કોઈ દસ્તાવેજો માંગવામાં આવે તો માંગ્યા તારીખથી દિન ૩-ત્રણ સુધીમાં રજુ કરવાના રહેશે. જેમાં નિષ્ફળ જનાર ટેન્ડર રદ કરવાનો કોર્પોરેશન ને અધિકાર રહેશે.

૮.૬ રજીસ્ટ્રેશન માટે e-auction પોર્ટલ ઉપર બીડેલ પ્રમાણિત કરેલ દસ્તાવેજોની ખરાઈ નિગમ દ્વારા અસલ દસ્તાવેજો કે પ્રમાણપત્રો સાથે કરવામાં આવશે. અને જો કોઇ ઉણપ જણાશે કે દર્શાવેલ માહિતી ખોટી અથવા અધુરી જણાશે અથવા દર્શાવેલ પ્રમાણપત્રો દસ્તાવેજો બતાવવા સમયમર્યાદામાં હાજર રહેશે નહિ તો તેવા કિસ્સામાં જે-તે ટેન્ડરરનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહિ.

૮.૭ વ્યક્તિ/ભાગીદારી પેઢી, ટ્રસ્ટ, એશોસિએશન, કંપની કે સહકારી મંડળી દ્વારા નિગમમાં રજુ કરેલ ટેન્ડરમાં જે તે જિલ્લા માટેની જરૂરિયાત મુજબના નિગમની કચેરીના અધિકારી ના પ્રતિનિધિ દ્વારા જણાવ્યા મુજબ સમયસર વાહનો /ટ્રકો પુરા પાડવાના રહેશે અને ઉપર જણાવ્યા મુજબ ટ્રકો/વાહનો પુરા નહિ પાડી શકવાની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

તેમજ નિગમ દ્વારા રોજેરોજ જેટલી ટ્રકો કે વાહનો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલી ઓછી ટ્રકો/વાહનો પૂરી પાડવામાં આવશે તેટલી ટ્રકો/વાહનો માટે પ્રતિ દિન/પ્રતિ ટ્રક/વાહન દીઠ રૂ. ૧૦૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

તારીખ **ટેન્ડરરની સહી અને સીકકો**

# ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ

(ગુજરાતસરકારનું સાહસ)

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૨૧૦૩૭, ૨૩૨૨૧૦૩૮, ફેક્ષ નં.૦૭૯-૨૩૨૨૧૦૩૦/૨૩૨૨૬૩૩૮

સેકટર-૧૦.એ, 'ચ'રોડ, નવાસચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨૦૧૦

Email:md-gscsc@gujarat.gov.in, Website:www.gscscl.gujarat.gov.in

Corporate Identity Number(CIN) : U65910GJ1980SGC003957


## વર્ષ ૨૦૧૮-૧૯ માટે વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્ર/ દુકાન તેમજ અન્ય કેન્દ્રો બેઠા ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી (ડોર સ્ટેપ ડીલીવરી યોજના) ના ઈજારાની સામાન્ય શરતો.

| | | |
|---|---|---|
| ૧: વ્યાખ્યાઃ- | (ક) સરકાર | કલેકટરશ્રી કે સરકાર ધ્વારા અધિકૃત કરેલ કોઈપણ અધિકારી કે ગુ.રા.ના.પુ.નિ.લિ. અને તેના અધિકૃત અધિકારી. |
| ૨: વ્યાખ્યા | (ખ) ટેન્ડરર / કોન્ટ્રાકટર | ટેન્ડર નોટિસના સંદર્ભમાં ટેન્ડર ભરનાર આસામી અથવા કંપની, સહકારી મંડળી ટેન્ડરર ગણાશે. જે ટેન્ડરના ભાવો માન્ય રાખવામાં આવશે તે કોન્ટ્રાકટર ગણાશે. |
| | (ગ) કરાર | આ સાથે સામેલ કરેલા પરિશિષ્ટ મુજબની કોર્પોરેશન અને કોન્ટ્રાકટરે સહી કરેલો દસ્તાવેજ, જેમાં ટેન્ડર નોટિસ, ટેન્ડર માટેના માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતોનો સમાવેશ થશે. |
| | (ઘ) ચીજવસ્તુઓ | સરકાર ધ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા તેમજ રાજય તેમજ કેન્દ્ર સરકાર ધ્વારા સંચાલિત વિવિધ યોજનાઓ માટે તેમજ અન્ય વ્યાપારિક પ્રવૃતિઓ માટે પરિવહન કરવામાં આવતી તમામ ચીજ વસ્તુઓનો સમાવેશ થશે. |

જિલ્લામાં આવેલ જુદા જુદા તાલુકાઓ માટેવર્ષ ૨૦૧૮-૧૯ માટે વ્યાજબી ભાવના દુકાનબેઠા, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્રો તેમજ અન્ય કેન્દ્રો બેઠા ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી (ડોર સ્ટેપ ડીલીવરી યોજના) ના ઈજારા સરકાર ધ્વારા આપવામાં આવશે. આ માટે ટેન્ડર ભરવા ઈચ્છુક પાર્ટીઓ આ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

૩: <u>ઈજારાની મુદત</u> :

૩:૧ ઈજારાની મુદત કામગીરી સુપ્રત કર્યાની તારીખ.............થી  તા..............(૩૧/૩/૨૦૧૯) સુધીના  સમયની રહેશે.

૩:૨ નિયત કરેલી ઈજારાની મુદતમાં જરૂર જણાયે સરકાર કોન્ટ્રાકટરને લેખિત જાણ કરી વધુમાં વધુ ત્રણ માસનો વધારો કરી શકશે, જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

૩:૩ ઈજારાની મુદત પુરી થાય તે પહેલા સરકાર કોઈપણ કારણસર લેખિત નોટીસ આપી ઈજારો રદ કરી શકશે અને તે માટે કોઈ વળતર મેળવવાનો હકક કોન્ટ્રાકટરને રહેશે નહીં.

૩:૪ નિયત કરેલી ઈજારાની મુદત પુરી થવાના ત્રણ માસ અગાઉ જો કોન્ટ્રાકટર ચાલુ ભાવથી વધુ એક વર્ષ કામ કરવા ઈચ્છા દર્શાવે અને સરકારને તે યોગ્ય જણાશે તો ઈજારાની મુદત વધુ એક વર્ષ લંબાવી શકાશે. આ મુદત લંબાવવી કે કેમ? તે અંગેનો હકક સરકારને અબાધિત રહેશે અને તે અંગેનો સરકારનો નિર્ણય આખરી ગણાશે. પરંતુ ટેન્ડર નોટીસ બહાર પડી ગયા બાદ આવેલ માંગણી માન્ય રાખવામાં આવશે નહિં.

૪: **પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ :**

૪:૧ ઈજારો મંજુર થયાની લેખિત જાણ કર્યાની તારીખથી ૭ (સાત) દિવસમાં જે તે તાલુકા માટે તેના નામ સામે નીચે પરિશિષ્ટ–૧ મુજબ અનામતની રકમ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ તરીકે “The Gujarat State Civil Supplies Corporation Limited,………..
( Bank NAME) ના Current Account No.(ચાલુ ખાતાનં.) __________, IFS Code નં. .................માં **RTGS / NEFT** ટ્રાન્સફરથી જ જમા કરાવવાના રહેશે. ડ્રાફ્ટ/ પે-ઓર્ડર કે અન્ય કોઈ પણ રીતે પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટની રકમ જમા કરાવી શકાશે નહીં અને માન્ય રાખવમાં આવશે નહીં. ૭ (સાત) દિવસ બાદ કરારખત કરવાના સંજોગોમાં બીજા સાત દિવસ સુધી પ્રતિદિન રૂા.૧૦૦૦/– (રૂપિયા એક હજાર પુરા)નો દંડ કરવામાં આવશે. આ જોગવાઈનો લાભ ટેન્ડરરને કરારખત કરવા માટે આપેલ સમય મર્યાદા ઉપરાંત ૭ (સાત) દિવસ સુધી જ મળવા પાત્ર રહેશે. ત્યારબાદ આ જોગવાઈનો લાભ મળશે નહીં. આ રીતે આપેલ સમય મર્યાદામાં જરૂરી સલામતી થાપણ જમા કરાવી નિયત નમુનામાં કરારખત નહીં કરનાર ટેન્ડરરની ટેન્ડર અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેના ખર્ચ અને જોખમે કામગીરી કરવામાં આવશે.

| ક્રમ | તાલુકા/ઝોન નું નામ | પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટની રકમ સંભવિત ખર્ચના ૧૦% |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |
| ૧૧ | | |
| ૧૨ | | |
| ૧૩ | | |
| ૧૪ | | |
| ૧૫ | | |

૪:૨ આ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટની રકમ ઈજારાની મુદત પુરી થયા બાદ કોન્ટ્રાકટરના હિસાબનું ઓડીટ થયા બાદ પરત કરવામાં આવશે. આ માટે સરકાર માંગે તે પ્રકારે અને તે નમુનામાં એટલે કે સરકારે નકકી કરેલ અને નોટોરાઈઝડ કરાવેલ ઈન્ડેમનીટી બોન્ડ ભરી આપ્યા બાદ જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે અને તે સામે કોન્ટ્રાકટર કોઈ વાંધો લઈ શકશે નહિં.

૪:૩ દર વર્ષે અલગ પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. અગાઉનાં વર્ષની જમા પરફોર્મન્સ સીકયોરીટી ડીપોઝીટ નવા ઈજારા સામે ગણવામાં આવશે નહીં. તેમજ કોન્ટ્રાકટરના જો કોઈપણ જિલ્લાના કોઈ બીલો બાકી હોય તો તે ડીપોઝીટ રૂપે ગણવાની માંગણી માન્ય રાખવામાં આવશે નહીં.

૫: <u>કરારનામું</u> :

૫:૧: જે ટેન્ડરના ભાવો માન્ય રાખવામાં આવે તેમણે ઈજારા મંજુર થયાની જાણ થયેથી દિન–૭ માં આ સાથે બીડેલા નમુના મુજબનો કરાર જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કરી આપવાનો રહેશે.

૫:૨ આ કરાર માટે થતી સ્ટેમ્પ ડયુટીનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે અને સ્ટેમ્પ ડયુટી અંગેની તમામ જવાબદારી તેઓની રહેશે.

૫:૩ જે પરિવહન ઈજારદારને ભુતકાળમાં બ્લેકલીસ્ટ કરવામાં આવ્યા છે તેમને તથા આ ઈજારદાર અથવા ઈજારદાર પેઢીનાં કોઈપણ ભાગીદાર/ડીરેકટરોનો જે પેઢીમાં ભાગીદાર/ડીરેકટર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોય તે પેઢીને પરિવહનની કામગીરી સુપ્રત કરવામાં આવશે નહીં.

૫.૪ સરકારશ્રીના તા.૨૨/૦૧/૨૦૧૬ ની સુચના મુજબ ઈજારદારે પરીવહન ઈજારામાં જે વાહનનો ઉપયોગ કરવામાં આવનાર છે. તે વાહનમાં જી.પી.એસ. સીસ્ટમ ફરજીયાત પણે મુકવાની રહેશે, અને તેમ કર્યા અંગેની લેખિતમાં જાણ જીલ્લા પુરવઠા અધિકારીને કરવાની રહેશે.

૬: <u>કામગીરીની વિગતો</u> ::–

૬.૧ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ના તાલુકા/શહેર કક્ષાએ આવેલ ગોડાઉનો પરથી જાહેર વિતરણ વ્યવસ્થા અને અન્ય યોજનાનો જથ્થો જે તે ગોડાઉન સાથે સંકળાયેલ વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી સુધી પહોંચતો કરવા માટે પરિવહનની કામગીરી તથા દુકાને દુકાને જથ્થો ટ્રકમાંથી ઉતારી થપ્પી કરી આપવાની મજુરી કામગીરીનો સમાવેશ થશે.

૬.૨ ઈજારદારના વાહનમાં અનાજ અને આવશ્યક ચીજવસ્તુનો જથ્થો ભરી આપવાની જવાબદારી સબંધિત ગોડાઉન મેનેજરની રહેશે. વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્રો/ દુકાનોમાં ચીજવસ્તુઓ ઉતારીને વ્યવસ્થિત મુકવાની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે કોઈ અલગ ચાર્જ ચુકવવામાં આવશે નહિં.

૬:૩ પરિવહનની કામગીરી માટે સરકારના/કોર્પોરેશનના અધિકૃત અધિકારી/કર્મચારીની સુચનાઓ જે મૌખિક અગર તો લેખીત હોય તો તે આખરી ગણાશે. અને રોજે રોજનો પરિવહન કામગીરીનો કાર્યક્રમ આપવામાં આવે તે મુજબ ટ્રકો રજુ કરી પરિવહનની કામગીરી કરવાની રહેશે.

૬:૪ કોન્ટ્રાકટરે તેમને સુપ્રત કરવામાં આવેલી કામગીરી નિયત સમય મર્યાદામાં પુરી કરવાની રહેશે. તેમાં કસુર થયે કોર્પોરેશન કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે જરૂર પડે વધુ ભાવો ચુકવીને પણ કામગીરી પુરી કરાવશે અને તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જે વધારાનો ખર્ચ થાય તે કોન્ટ્રાકટર પાસેથી સરકાર વસુલ કરી શકશે.

૬:૫ જયારે જયારે કહેવામાં આવે ત્યારે અનાજ તથા અન્ય ચીજવસ્તુઓ વ્યાજબી ભાવની દુકાન મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો સુધી પહોચાડવાની રહેશે જે ઈજારદારને બંધનકર્તા રહેશે. રસ્તો કાચો હોય કે પાકો પણ મોટરેબલ હોય તેવા રસ્તે અમો પરિવહન કામગીરી કરવાનું સ્વીકારીએ છીએ.

૬.૬ વ્યક્તિ/ભાગીદારી પેઢી, ટ્રસ્ટ, એશોસિએશન, કંપની કે સહકારી મંડળી દ્વારા નિગમમાં રજુ કરેલ ટેન્ડરમાં જે તે જિલ્લા માટેની જરૂરિયાત મુજબના નિગમની કચેરીના અધિકારી ના પ્રતિનિધિ દ્વારા જણાવ્યા મુજબ સમયસર વાહનો /ટ્રકો પુરા પાડવાના રહેશે અને ઉપર જણાવ્યા મુજબ ટ્રકો/વાહનો પુરા નહિ પાડી શકવાની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

તેમજ નિગમ દ્વારા રોજેરોજ જેટલી ટ્રકો કે વાહનો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલી ઓછી ટ્રકોની -/૧૦૦૦ .વાહન દીઠ રૂ/પ્રતિ ટ્રક/વાહનો માટે પ્રતિ દિન/વાહનો પૂરી પાડવામાં આવશે તેટલી ટ્રકો/ જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે .કરવામાં આવશે (દંડ)પેનલ્ટી

૬:૭ કરારનામું થયેથી કામગીરીની વિગતો અધિકૃત અધિકારી/કર્મચારી પાસેથી મેળવી તેઓની સુચના મુજબ કામગીરી શરૂ કરવાની રહેશે.

૬:૮ ચીજવસ્તુઓનું વેરામણ નકામું ના જાય તે માટે ઈજારદાર જે તે વાહનમાં પાથરવાનું (ડનેજ) સ્વીકારેલ છે અને તે જ રીતે વરસાદ કે અન્ય કારણોથી રસ્તામાં ચીજવસ્તુઓને નુકશાન કે બગાડ ન થાય તે માટે તાલપત્રી કે વોટરપ્રુફ સાધનોથી તેને ઢાંકીને સંપૂર્ણ સુરક્ષિત વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રોએ પહોંચાડવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૬:૯ ઈજારદારને ગોડાઉન ઉપરથી ચીજવસ્તુઓની ગુણવતા તથા જથ્થો પુરેપુરો મેળવવાની અને ચકાસવાની રહેશે અનાજ અને અન્ય ચીજવસ્તુઓનો જથ્થો ગોડાઉન ઉપરથી રવાના કર્યા બાદ રસ્તા ઘટ કે અન્ય ઘટની જવાબદારી નિગમની રહેશે નહિં પરંતુ ઈજારદારની રહેશે.

૬:૧૦ ગોડાઉન પરથી આપેલ જથ્થો તથા ગુણવતા મુજબની ચીજવસ્તુઓ તે જ સ્થિતિમાં વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને પહોંચાડવાની રહેશે અને તે માલ પહોંચાડવા બદલની પહોંચ દુકાનદાર પાસેથી ઈજારદારે મેળવવાની રહેશે અને આ પહોંચ નિગમના પ્રતિનિધિ સમક્ષ રજુ કરવાની રહેશે.

૬:૧૧ ઈજારદારે જે તે ચીજવસ્તુની ડીલીવરી નિગમના ગોદામ ઉપરથી લેવાની રહેશે અને જથ્થો વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને પહોંચાડવાનો રહેશે. આ અંગેનો રેકર્ડ ઈજારદારે નિભાવવાનો રહેશે.

૬:૧૨ ગોડાઉન પરથી જે જથ્થાની ડીલીવરી લેવામાં આવે તે તમામ જથ્થો સબંધિત કેન્દ્રો / દુકાનદારને તે જ દિવસે કેન્દ્ર / દુકાનના કામકાજના સમય પહેલાં પહોંચાડવાની જવાબદારી ઈજારદારની રહેશે. ઈજારદાર ધ્વારા નિયત સમય–મર્યાદામાં ડીલીવરી કરવામાં આવશે નહિ તો આવી મુદત વીત્યા બાદ પ્રતિ દુકાન કે કેન્દ્ર દીઠ રૂા.૩૦૦/– પ્રતિ દિન દંડ કરવામાં આવશે તથા નિગમ/ સરકાર ધ્વારા આકારવામાં આવેલ દંડની રકમ અમો નિગમને તુર્તજ ભરપાઈ કરી આપવાની બાંહેધરી આપીએ છીએ. અન્યથા નિયત રકમ અમારા પડતર બીલો કે સીકયોરીટી ડીપોઝીટમાંથી સીધી વસુલ કરવામાં આવે તો અમો કોઈ વાંધો કે તકરાર કરીશું નહી. તે અમો સ્વીકારીએ છીએ.

૬:૧૩ ઈજારદાર ધ્વારા નકકી થયેલ રુટો તથા રુટ ઉપર કઈ દુકાનને જથ્થો પુરો પાડવામાં આવશે? અંદાજે કયારે આ જથ્થો પુરો પાડશે? તે અંગેની વ્યવસ્થા મામલતદાર, સી.ડી.પી.ઓ. અને નિગમ ધ્વારા વ્યવસ્થા નકકી કરી ગોઠવવાની રહેશે.

૬:૧૪ જથ્થો જે દિવસે ઉપાડવામાં આવે તે જ દિવસે સાજે ૮.૦૦ વાગ્યા સુધીમાં જે તે કેન્દ્ર / દુકાને પહોંચતો કરવાનો રહેશે કોઈ ખાસ કારણોસર તે શકય ન બને તો બીજા દિવસે સવારે જથ્થો જે તે સ્થળે પહોંચાડવાનો રહેશે પરંતુ આ અંગેની જાણ તાલુકા મામલતદારશ્રી અને ગોડાઉન મેનેજરશ્રીને કરવાની રહેશે.સુચિત પ્લાન મુજબ જથ્થો ઉપાડી જે તે સ્થળે પહોંચાડવાની જાણ બીજા દિવસે અચુક રીતે જિલ્લા પુરવઠા મામલતદારશ્રી તથા અત્રેની કચેરીને કરવાની રહેશે.

**૬:૧૫ કોન્ટ્રાકટર આ કરાર અન્વયે અનાજ અને અન્ય ચીજવસ્તુઓની પરિવહન માટે કામગીરીનો સ્વતંત્ર અધિકાર (EXCLUSIVE RIGHT) ઉભો કરશે નહીં. સરકાર ઉપરોકત અનાજ અને અન્ય ચીજવસ્તુઓને લગતો કોઈપણ કરાર પરિવહનની કામગીરી સાથે આપવાનો હકક અબાધિત રાખે છે.**

૭: <u>ઘટ</u> :

૭:૧ કોન્ટ્રાકટરને પરિવહન માટે સોંપવામાં આવેલ અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓનાં જથ્થાના કિસ્સામાં તેમજ ખાદ્યતેલ ભરેલા બેરલ, ટીન તથા પાઉચના પરિવહનના કિસ્સામાં કે કરારમાં સમાવેશ થતી કોઈપણ ચીજવસ્તુનાં પરિવહનના કિસ્સામાં કોઈપણ પ્રકારની રસ્તા ઘટ મજરે આપવામાં આવશે નહીં.

૭:૨ રસ્તા ઘટ વાહન દીઠ ગણવામાં આવશે પરંતુ વાહનમાં વધ આવશે તો તે અન્ય વાહનની ઘટ સામે મજરે આપવામાં આવશે નહી તથા આ વધની સંપૂર્ણ માલીકી સરકારની રહેશે. જથ્થામાં પડેલ ઘટ્ની જવાબદારી ઈજારદારની રહેશે.

૭:૩ ડોર સ્ટેપ ડીલીવરી દરમ્યાન પડેલ રસ્તા ઘટ માટે નિગમ કચેરીના આ બાબતેના જે તે કીસ્સા સમયે અમલમાં રહેતા પરિપત્ર મુજબ પરિવહન ઇજારદાર પાસેથી રસ્તાઘટની વસુલાત કરવામાં આવશે .

પ્રર્વતમાન મુજબ ડોર સ્ટેપ ડીલીવરી દરમ્યાન પડેલ રસ્તા ઘટમાં ઘઉ માટેની વસુલાત પ્રતિ વર્ષ એમ.એસ.પી હેઠળના નિયત થયેલ ભાવથી બમણા દરથી ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

ચોખાના એમ.એસ.પી ભાવ નક્કી થતા નથી આ કીસ્સામાં જે તે વર્ષમાં ડાંગરના જે એમ.એસ.પી ભાવ નક્કી થાય અને ડાંગરમાંથી ચોખાના ૬૮% ઉતારા મુજબ ભાવ નક્કી કરી ચોખાના વસુલાત ભાવ રુ/.ક્વી. = ડાંગર એમ.એસ.પી ભાવ(ક્વી.)*૧૦૦/૬૮) તેના બમણા ભાવથી ઇજારદાર પાસેથી વસુલાત કરવામાં આવશે.

ખુલ્લા બજારમાંથી ખરીદવામાં આવતી ચીજ વસ્તુ જેવી કે ખાંડ, મીઠું, કઠોળ, તેમજ ખાધતેલ માટે ઘટની વસુલાત જેતે રીજીયનવાઇઝ અલગ અલગ ભાવે ખરીદ થયેલ હોય તો સૌથી ઉંચા ભાવે ખરીદ થયેલ હોય તેના બમણા ભાવથી ઇજારદાર પાસેથી વસુલાત કરવામાં આવશે.

૮. <u>અંતર:</u>

**નિગમના ગોડાઉનથી વ્યાજબી ભાવના દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીનું અંતર અને ડીલીવરી માટેના રુટ મામલતદારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ છે. તે કોન્ટ્રાકટરે માન્ય રાખવાનું રહેશે. અને આ અંતર વ્યાજબી ભાવના દુકાનદાર સુધી વહન કરેલ જથ્થાના બીલ ચુકવવા માટે ધ્યાને લેવામાં આવશે.**

<u>૯: પરિવહનનાં બીલો :</u>

**૯.૧ પરિવહન કરવામાં આવેલ જથ્થાના બીલો કામગીરી પુરી થયા બાદ દિન ૭ માં નિગમની કચેરીએ રજુ કરવાના રહેશે. બીલો સ્કીમવાઈઝ અને જન્સીવાઈઝ રજુ કરવાના રહેશે. બીલ રજુ થયેથી પ્રાથમિક ચકાસણી કરી બીલની ચુકવણી કરવામાં આવશે જો તેમ શકય ન હોય તો ૭૫ % પ્રમાણે ચુકવણી કરવાની રહેશે. અને આખરી ચુકવણી એક માસમાં પુરી થઈ જાય તે રીતે બીલની ચુકવણી કરવાની રહેશે.**

**૯.૨ બીલની ચુકવણી વ્યાજબી ભાવની દુકાનદારને મળેલ નેટ વજન માટે કરવામાં આવશે. જેમાં બારદાનના વજન ગણતરીમાં લેવામાં આવશે નહિં. આ ચુકવણું કરતી વખતે આવકવેરા તથા અન્ય કાયદા હેઠળ કરવાની થતી કપાત કરીને ચુકવણું કરવામાં આવશે.**

૯:૩ કોન્ટ્રાકટમાં સમાવેશ કરાયેલ દરો અંગે બજારભાવ કે સ્પેરપાર્ટસ કે અન્ય બીજા ભાવો અથવા સ્થાનિક સંસ્થા રાજય કે કેન્દ્ર સરકારના કરવેરા કોન્ટ્રાકટની મુદત દરમ્યાન વધે તો તે કારણોસર ભાવ વધારો આપવા માટેની માંગણી માટે હકકદાર રહેશે નહિં.

૯.૪ પરિવહન ઈજારદારે કરપાત્ર સેવા એટલે કે, ટ્રાન્સપોર્ટેશનની સેવા પુરી પાડવા માટે વપરાશમાં લેવાયેલ ઈન્પુટ કે કેપીટલ ગુડઝ પર સેન્વેટ ક્રેડીટ રૂલ્સ ૨૦૦૪ અંતર્ગત સેન્વેટ ક્રેડીટનો લાભ લીધો નથી. તથા ઈજારાના સમયગાળા દરમ્યાન સદર લાભ લેવામાં આવશે નહિં તે અંગે બાંહેધરી કરારખત કરતી વખતે આપવાની રહેશે. અને સમયાંતરે પણ નિગમ માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

૯.૫ જીએસટી (CGST/SGST)

ટેન્ડરરનું વાર્ષિક ટર્નઓવર રૂા.૨૦ લાખ કરતા વધુ હશે તો ટેન્ડરરે GST નંબર મેળવેલ હોવો જરૂરી છે અને ભાવ GST સાથેના ભરવાના રહેશે તથા સદર ઈજારદારે CGST અને SGST સાથે રકમની રીવર્સ ગણતરી કરી એ મુજબ ભાવ અને CGST અને SGST બીલ અલગ દર્શાવી રજુ કરવાનું રહેશે. જે મુજબ નાણાં જે તે ઈજારદારને GST ની રકમ સાથે બીલની રકમ ચુકવી આપવામાં આવશે. GST ની રકમ ઈજારદારે સરકારને ચુકવવાની રહેશ. અને તેની નકલ બીજા માસના બીલની સાથે જોડવાની રહેશે.

ટેન્ડરરનું વાર્ષિક ટર્નઓવર રૂા.૨૦ લાખ કરતા ઓછુ હોય તો ઈજારદાર પાસે GST નંબર હોવો જરૂરી નથી પરંતુ તેઓ દ્વારા આપવામાં આવેલ ભાવ GST રકમ સાથેના ભરવાના રહેશે (Inclusive GST) ઈજારદાર દ્વારા રજુ કરવામાં આવતા બીલો GST ની રકમ સાથેના રહેશે અથવા નિગમ દ્વારા જેમાં GST ની રકમ કપાત કરીને બાકી રહેતી રકમ જે તે ઈજારદારને ચુકવવામાં આવશે તથા કપાત કરેલ GST ની રકમ નિગમ દ્વારા સરકારમાં ભરવામાં આવશે.

## ૧૦: વિવાદ:

૧૦.૧ આ કરારની કોઈ શરતનાં અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો ત નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી અથવા તેઓ નિયુક્ત કરે તે અધિકારીશ્રી / કલેકટરશ્રી........... નો નિર્ણય આખરી ગણવાનો રહેશે. જે પરિવહન ઇજારદારને કબુલ મંજુર રહેશે.

૧૦.૨ ઈજારદાર ધ્વારા કરારની કોઈપણ શરતોનો ભંગ થશે તો સરકાર / નિગમને જે કાંઈપણ નાણાંકીય નુકશાન થશે તે ઈજારદારની સીકયોરીટી ડીપોઝીટ/ બાકી લ્હેણા/ અન્ય કોઈપણ રીતે ઈજારદાર પાસેથી નિગમ વસુલ કરી શકશે. અને તે બદલ યોગ્ય દંડ પણ કરી શકશે. આ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનું ઉચિત જણાશે તો તે પણ સરકાર/નિગમ કરશે તેમજ આવા ઈજારદારને ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ગણવાની વિચારણા પણ નિગમ કરી શકશે.

૧૦.૩ ઈજારદાર ધ્વારા સરકાર / નિગમ સાથે છેતરપીડી કર્યાનું માલુમ પડશે તો તેને કારણે સરકાર / નિગમને જે કંઈપણ નાણાંકીય નુકશાન થશે તે ઈજારદારની સીકયોરીટી ડીપોઝીટ/ બાકી લ્હેણાં અન્ય કોઈપણ રીતે ઈજારદાર પાસેથી સરકાર / નિગમ વસુલ કરી શકશે અને તે બદલ યોગ્ય દંડ પણ કરી શકશે. આ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનું ઉચિત જણાશે તો તે પણ સરકાર /નિગમ કરશે તેમજ આવા ઈજારદારને ભવિષ્યમાં કામગીરી માટે ગેરલાયક ગણવાની વિચારણા પણ સરકાર / નિગમ કરી શકશે.

**૧૧: <u>બાકી લ્હેણાં</u> :**

**૧૧:૧ કોન્ટ્રાકટર પાસે કોઈપણ કારણસર બાકી નીકળતા લ્હેણાં તેમના બાકી બીલો અને અનામતની રકમમાંથી વસુલ કરવામાં આવશે.**

**૧૧.૨ ઉપર ૧૧:૧ પ્રમાણે વસુલાત કરવા છતાં પણ જો કોઈ રકમ બાકી રહેશે તો તે તથા તેના ઉપર ૧૫ % લેખેનું વ્યાજ વસુલ કરવામાં આવશે આ વસુલાત રેવન્યુ રાહે પણ કરવામાં આવશે. આ અંગે જો કોઈ કોર્ટ કાર્યવાહી કરવાની થશે તો તે માટે કોન્ટ્રાકટર સંપૂર્ણ જવાબદાર રહેશે.**

૧૨: <u>ટ્રકો/ વાહનો પુરા પાડવાની બાબતઃ–</u>

૧૨.૧ ટેન્ડરરે જે તે તાલુકા/ઝોન માટેની જરૂરિયાત મુજબના નિગમની કચેરીના અધિકારી તેમજ તેમના પ્રતિનિધિ દ્વારા જણાવ્યા મુજબ સમયસર વાહનો /ટ્રકો પુરા પાડવાના રહેશે અને ઉપર જણાવ્યા મુજબ ટ્રકો/વાહનો પુરા નહિ પાડી શકવાની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

તેમજ નિગમ દ્વારા રોજેરોજ જેટલી ટ્રકો કે વાહનો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલી ઓછી ટ્રકો/વાહનો પૂરી પાડવામાં આવશે તેટલી ટ્રકો/વાહનો માટે પ્રતિ દિન/પ્રતિ ટ્રક/વાહન દીઠ રૂ. ૧૦૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

**તારીખઃ–** **ટેન્ડરરની સહી અને સિકકો.**

# કલેકટર કચેરી,.......જિલ્લો

સરનામું. કલેકટર કચેરી, પુરવઠા શાખા, જિલ્લો

ટેલીફોન ફોન નં........... ફેકસ નંબર :– ..................

<u>વર્ષ ..... માટે વ્યાજબી ભાવના દુકાન બેઠા મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો</u>

<u>અને આંગણવાડી કેન્દ્રો બેઠા ચીજ વસ્તુઓ પહોંચાડવા</u>

<u>માટેની પરિવહન કામગીરી( ડોર સ્ટેપ ડીલીવરી યોજના) માટેનું કરારનામું:–</u>

લખી આપનાર :–(વ્યકિત/પેઢીનુ નામ અને તેનો હોદ્દો)..................................

........................................................................

લખાવી લેનાર :–સરકાર/કલેકટર ........../ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાઈઝ કોર્પોરેશન લી. તાલુકા/ઝોન (જેનો ઉલ્લેખ આ કરારનામામાં સરકાર / કોર્પોરેશન તરીકે કરવામાં આવ્યો છે.

તાલુકો ........... જિલ્લો :........... વર્ષ ........ માટે વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્ર / દુકાન બેઠા ચીજ વસ્તુઓ પહોંચાડવા માટેની પરિવહન કામગીરી (ડોર સ્ટેપ ડીલીવરી યોજનાની કામગીરી સુપ્રત કર્યાની તારીખથી તા.......... સુધીની કામગીરી માટેના ટેન્ડરો બહાર પાડવામાં આવતા અમોએ નીચે દર્શાવેલ શરતોએ કામગીરી કરવાની દરખાસ્ત કરેલ હતી. આ ટેન્ડર માન્ય રહેતા અમો તે શરતોએ કામગીરી કરવાનું સ્વીકારીએ છીએ. અને ટેન્ડર નોટીસ સાથે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તથા સામાન્ય શરતો પણ અમોને બંધનકર્તા રહેશે તે અમો સ્વીકારીએ છીએ.

૧.. આ કામગીરીની શરતો નીચે મુજબ છે.

૧.૧ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ના તાલુકા/શહેર કક્ષાએ આવેલ ગોડાઉનો પરથી જાહેર વિતરણ વ્યવસ્થા અને અન્ય યોજનાનો જથ્થો જે તે ગોડાઉન સાથે સંકળાયેલ વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્ર સુધી પહોંચતો કરવા માટે પરિવહનની કામગીરીનો સમાવેશ થશે. આ માટે પુરતા પ્રમાણ માં ડ્રાયવર અને કલીનર સહિત સરકારની જરુરીયાત મુજબ ટ્રકો પુરી પાડવા બંધાઈએ છીએ. આ કામગીરી માટે અન્ય કોઈની પણ માલિકીની ટ્રકની ઉપયોગ કરવાની છુટ રહેશે. પરંતુ તેને કારણે આ કરારખત હેઠળ જે જવાબદારીઓ અમારે પાર પાડવાની છે તે અંગેની સંપૂર્ણ જવાબદારીઓ અમો સ્વીકારીએ છીએ અને આ કારણથી જે કાંઈ નુકશાન કે દાવો ઉભો થશે તે ભરપાઈ કરવાનું અમો સ્વીકારીએ છીએ

૧.૨ જયારે જયારે કહેવામાં આવે ત્યારે અનાજ તથા અન્ય ચીજવસ્તુઓ વ્યાજબી ભાવની દુકાન મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણીવાડી કેન્દ્રો સુધી પહોંચાડવા અમો બંધાઈએ છીએ. રસ્તો કાચો હોય કે પાકો પણ મોટરેબલ હોય તેવા રસ્તે અમો પરિવહન કામગીરી કરવાનું

સ્વીકારીએ છીએ. પરંતુ જયારે જયારે પરિવહનની કામગીરી રહેશે નહિ ત્યારે ત્યારે વાહનો ખાલી પડી રહેશે તે માટે અમો કોઈ દાવો કરશું નહિ.

૧.૩ ઈજારદારના વાહનમાં અનાજ અને આવશ્યક ચીજવસ્તુનો જથ્થો ભરી આપવાની જવાબદારી સબંધિત ગોડાઉન મેનેજરની રહેશે. વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ્રો/ દુકાનોમાં ચીજવસ્તુઓ ઉતારીને વ્યવસ્થિત મુકવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧.૪ વિવિધ ચીજવસ્તુઓ પહોંચાડવા માટે ઈજારદાર તેમની માલીકીના કે અન્યની માલિકીના ટેમ્પો, ટ્રેકટર, ટ્રક અને અથવા અન્ય યાંત્રિક કે બીનયાંત્રિક વાહનનો ઉપયોગ કરી શકશે.

૧.૫ ઈજારદારના વાહનમાં ભરવામાં આવેલ ચીજવસ્તુઓનો જથ્થો તથા ગુણવત્તાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. આવુ વાહન ઈજારદારે ભાડે રાખેલ હશે તો પણ જથ્થાની ગુણવતાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧.૬ ચીજવસ્તુઓનું વેરામણ નકામું ના જાય તે માટે ઈજારદાર જે તે વાહનમાં પાથરવાનું (ડનેજ) સ્વીકારેલ છે અને તે જ રીતે વરસાદ કે અન્ય કારણોથી રસ્તામાં ચીજવસ્તુઓને નુકશાન કે બગાડ ન થાય તે માટે તાડપત્રી કે વોટરપ્રુફ સાધનોથી તેને ઢાંકીને સંપૂર્ણ સુરક્ષિત વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રોએ પહોંચાડવાની જવાબદારી ઈજારદારની રહેશે.જે અમો સ્વીકારીએ છીએ.

૧.૭ ઈજારદારને ગોડાઉન ઉપરથી ચીજવસ્તુઓની ગુણવતા તથા જથ્થો પુરેપુરો મેળવવાની અને ચકાસવાની રહેશે અનાજ અને અન્ય ચીજવસ્તુઓનો જથ્થો ગોડાઉન ઉપરથી રવાના કર્યા બાદ રસ્તા ઘટ કે અન્ય ઘટની જવાબદારી ઈજારદારની રહેશે.

૧.૮ ગોડાઉન પરથી આપેલ જથ્થો તથા ગુણવતા મુજબની ચીજવસ્તુઓ તે જ સ્થિતિમાં વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને પહોંચાડવાની રહેશે અને તે માલ પહોંચાડવા બદલની પહોંચ દુકાનદાર પાસેથી ઈજારદારે મેળવવાની રહેશે અને આ પહોંચ નિગમના પ્રતિનિધિ સમક્ષ રજુ કરવાની રહેશે.

૧.૯ ઈજારદારે જે તે ચીજવસ્તુની ડીલીવરી નિગમના ગોદામ ઉપરથી લેવાની રહેશે અને જથ્થો વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને પહોંચાડવાનો રહેશે. આ અંગેનો રેકર્ડ નિભાવવાની જવાબદારી ઈજારદારની રહેશે.

૧.૧૦ ગોડાઉન પરથી જે જથ્થાની ડીલીવરી લેવામાં આવે તે તમામ જથ્થો સબંધિત કેન્દ્રો / દુકાનદારને તે જ દિવસે કેન્દ્ર / દુકાનના કામકાજના સમય પહેલાં પહોંચાડવાની જવાબદારી ઈજારદારની રહેશે. ઈજારદાર ધ્વારા નિયત સમય–મર્યાદામાં ડીલીવરી કરવામાં આવશે નહિ તો આવી મુદત વીત્યા બાદ પ્રતિ દુકાન કે કેન્દ્ર દીઠ રૂા.૩૦૦/– પ્રતિદિન દંડ કરવામાં આવશે તથા નિગમ/ સરકાર ધ્વારા આકારવામાં આવેલ દંડની રકમ અમો નિગમને તુર્તજ ભરપાઈ કરી આપવાની બાંહેધરી આપીએ છીએ. અન્યથા નિયત રકમ અમારા પડતર બીલો કે સીકયોરીટી ડીપોઝીટમાંથી સીધી વસુલ કરવામાં આવે તો અમો કોઈ વાંધો કે તકરાર કરીશું નહી. તે અમો સ્વીકારીએ છીએ.

૧.૧૧ ઈજારદાર ધ્વારા ડીલીવરી કરવા માટે જે વાહનમાં વહન કરે તે વાહન ઉપર નીચે મુજબ નિયત કરેલ બેનર ફરજીયાત લગાડવાનું રહેશે અને બેનર લગાડવામાં આવેલ નહિ હોય તો વાહનદીઠ રૂા. ૫૦૦/– લેખે દંડ કરવામાં આવશે, જે પણ અમો સ્વીકારીએ છીએ.

| |
|---|
| આ વાહનમાં............. તાલુકાની વ્યાજબી ભાવની દુકાન, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીમાટેના આવશ્યક ચીજવસ્તુનો જથ્થો રાખવામાં આવેલ છે. અને જથ્થો વ્યાજબી ભાવની દુકાન, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી સિવાય અન્ય કોઈપણ જગ્યાએ ઉતારવામાં આવતો જોવા મળે તો નીચેના ફોન ઉપર સંપર્ક સાધવા વિનંતી છે. |
| મામલતદાર/ઝોનલ ઓફીસર........... ફોન નં............. |

૧.૧૨ ઈજારદાર ધ્વારા નકકી થયેલ રુટો તથા રુટ ઉપર કઈ દુકાનને જથ્થો પુરો પાડવામાં આવશે, અંદાજે કયારે આ જથ્થો પુરો પાડશે, તે અંગેની વ્યવસ્થા મામલતદાર/ઝોનલ ઓફીસર, સી.ડી.પી.ઓ. અને નિગમ ધ્વારા નકકી કરી ગોઠવવાની રહેશે.

૧.૧૩ (૧) જથ્થો જે દિવસે ઉપાડવામાં આવે તે જ દિવસે સાંજે ૮.૦૦ વાગ્યા સુધીમાં જે તે કેન્દ્ર / દુકાને પહોંચતો કરવાનો રહેશે કોઈ ખાસ કારણોસર તે શકય ન બને તો બીજા દિવસે સવારે જથ્થો જે તે સ્થળે પહોંચાડવાનો રહેશે પરંતુ આ અંગેની જાણ તાલુકા મામલતદારશ્રી અને ગોડાઉન મેનેજરશ્રીને કરવાની રહેશે.સુચિત પ્લાન મુજબ જથ્થો ઉપાડી જે તે સ્થળે પહોંચાડવાની જાણ બીજા દિવસે અચુક રીતે જિલ્લા પુરવઠા મામલતદારશ્રી તથા અત્રેની કચેરીને કરવાની રહેશે.

૧.૧૩ (૨) ડોરસ્ટેપ ડીલીવરી ઈજારદારે વ્યાજબી ભાવના દુકાનદાર જે દિવસે નાણાં જમા કરાવે તે દિવસે અથવા પછીના દિવસે જથ્થાની ડીલીવરી સામાન્ય સંજોગોમાં કરવાની રહેશે. પરંતુ વ્યાજબી ભાવના દુકાનદાર નાણાં જમા કરાવે તેના મોડામાં મોડા ૩ દિવસમાં ડીલીવરી કરવાની રહેશે.

૧.૧૪ સુચિત પ્લાન મુજબ જથ્થો ઉપાડીને તે કેન્દ્ર / દુકાને પહોંચાડવાનો રહેશે જો સુચિત પ્લાનમાં ફેરફાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે મામલતદાર/ઝોનલ ઓફીસર/સી.ડી.પી.ઓ.ની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૧.૧૫ જે વાહનમાં જન્સી વહન કરવામાં આવે તે વાહનોનો નંબર, આરટીઓ નોંધણી બુક, ડ્રાયવર/ કંડકટરનું નામ સરનામું, લાયસન્સની વિગત અગાઉથી પુરી પાડવાની રહેશે. જે વાહનમાં માલ વહન કરવામાં આવે તે વાહનની લોગબુક નિભાવવાની રહેશે તેમજ તેની એક નકલ ગોડાઉન મેનેજરશ્રીને સુપ્રત કરવાની રહેશ. પરિવહન કરતી વખતે અકસ્માત અંગે થયેલા નુકશાનનું વળતર ઈજારદારે ભરપાઈ કરવાનું રહેશે.

૧.૧૬ ઈજારદારે ચીજવસ્તુઓના પરિવહન દરમ્યાન ચીજવસ્તુઓનો આગ, અકસ્માત અને થેપ્ટ માટે ટ્રાન્ઝીસ્ટ ઈન્શ્યોરન્સ લેવાનો રહેશે.

૧.૧૭ આ કરાર અંગે કે કરારની કલમોના અર્થઘટન અંગે કોઈપણ વિવાદ થશે તો તે અંગે કલેકટરશ્રી રાજકોટનો નિર્ણય આખરી રહેશે.

૧.૧૮ કોન્ટ્રાકટર આ કરાર અન્વયે અનાજ અને અન્ય ચીજવસ્તુઓની પરિવહન માટે કામગીરીનો સ્વતંત્ર અધિકાર (EXCLUSIVE RIGHT) ઉભો કરશે નહીં. સરકાર ઉપરોકત અનાજ અને અન્ય ચીજવસ્તુઓને લગતો કોઈપણ કરાર પરિવહનની કામગીરી સાથે આપવાનો હકક અબાધિત રાખે છે.

૨. આ કામગીરી માટે નીચે મુજબના પરિવહન ભાવો મંજુર કર્યા છે તે ભાવે અમો વ્યાજબી ભાવના દુકાનદારો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડીને જથ્થાની ડીલીવરી કરી જથ્થો દુકાન કે કેન્દ્ર ખાતે વાહનમાંથી ઉતારી આપી થપ્પી કરી આપવાનું સ્વીકારીએ છીએ.

૨.૧ <u>પરિવહન માટેના દર</u>

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમના તાલુકા કક્ષાએ આવેલ ગોડાઉનેથી ગોડાઉન સાથે સંકળાયેલી વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો અને આંગણવાડીને કેન્દ/દુકાન સુધી જાહેર વિતરણનો જથ્થો પહોંચતા કરવા તથા દુકાન / કેન્દ્ર ખાતે વાહનમાંથી જથ્થો ઉતારી થપ્પી કરી આપવા માટેના ભાવ.

| અ.નં. | કામગીરીના સ્લેબ | પરિવહનના દર( પ્રતિ નંગ) રૂા. પૈસા | | |
|---|---|---|---|---|
| | | ૫૦ કિ.ગ્રા. સુધીના કટ્ટા/ગુણીના | ૨૦ કિ.ગ્રા. સુધીના કટ્ટા/ગુણીના | તેલના ટીન/કાર્ટુનના |
| ૧ | ૦ થી ૫ કી.મી. | | | |
| ૨ | ૦ થી ૧૦ કી.મી. | | | |
| ૩. | ૦ થી ૨૦ કી.મી. | | | |
| ૪. | ૦ થી ૩૦ કી.મી. | | | |
| ૫. | ૦ થી ૪૦ કી.મી. | | | |
| ૬. | ૦ થી ૫૦ કી.મી. | | | |
| ૭. | ૫૦ કી.મી. ઉપર | | | |

૩: **સરકારના/નિગમનાં અધિકૃત અધિકારી અગર પ્રતિનિધિ કામગીરીનું પ્રમાણ ધ્યાને લઈ તથા કામગીરી પુરી કરવાની મર્યાદા લક્ષમાં રાખી જણાવે તેટલી વધારાની ટ્રકો/વાહનો પુરી પાડવા બંધાઈએ છીએ.**

૪: કોર્પોરેશનના અધિકૃત અધિકારી અગર પ્રતિનિધિ કામગીરીનું પ્રમાણ ધ્યાને લઈ તથા કામગીરી પુરી કરવાની મર્યાદા લક્ષમાં રાખી જણાવે તેટલી વધારાની ટ્રકો/વાહનો પુરી પાડવા બંધાઈએ છીએ. અનાજ ,કઠોળ દાળ ,ખાંડ , અને ખાદ્યતેલ તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓની પરિવહનની કામગીરી કરવાની થતી હોય આ જથ્થાની ગુણવત્તા ને અવળી અસર ન પડે અને જથ્થો બગડી ન જાય તે માટે ઉપયોગમાં લેવામાં આવતા ટ્રકોવાહનો અંગે અંગત કાળજી / તેમજ આ જથ્થો જ્યાં પહોચાડવાનો હોય ત્યાંજ પહોચાડવાન .રાખવાની રહેશેો રહેશે અને આ જથ્થાનું અન્ય કોઈ સ્થળે હેરના થાય તે અંગેની સંપૂર્ણપણે અંગત (ડ્રાયવર્ઝન)ફેરની બદલી- જણાશે તો તે અંગેની થયાનું (ડ્રાયવર્ઝન) કાળજી રાખવાની રહેશે અને આવું કોઈ હેરફેરની સંપૂર્ણપણે જવાબદારી ઈજારદારની રહેશે અને અંગે નિગમ દ્વારા ઈજારદાર સામે પોલીસ ફરિયાદતેમજ લાંચ રૂશ્વત સત્તાધિકારીને ફરીયાદ ઉપરાંત દંડનાત્મક કાર્યવાહી (આર.આઈ.એફ) રી અને આ અંગેની સઘળી જવાબદા .અને કાળીયાદીમાં મુકવા માટેની કાર્યવાહી કરવામાં આવશે .તે ટેન્ડરરને બંધનકર્તા રહેશે .ઈજારદારની રહેશે

૫: **કોઈપણ કારણસર સરકારનાં જથ્થાની ડીલીવરીની કામગીરી કરવાની અમો ના પાડીશું નહીં. જયારે જયારે સરકાર/નિગમનાં કોઈપણ અધિકારી કે પ્રતિનિધી ધ્વારા ટ્રકો પુરી પાડવાની સુચના અપાશે કે "તુરત જ " ટ્રકો પુરી પાડવાની જવાબદારી અમે સ્વીકારીએ છીએ. તેમજ નિગમના ગોડાઉન પરથી ટ્રકો લોડ કરી આપવામાં આવે ત્યારે ટ્રકમાં જથ્થો યોગ્ય રીતે લોડ થાય તેની તેમજ દુકાનો/કેન્દ્રો ખાતે જથ્થો ઉતારી યોગ્ય રીતે ગોઠવી આપવાની જવાબદારી અમે સ્વીકારીએ છીએ તે અમને બંધનકર્તા રહેશે.**

૬: **આવશ્યક ચીજવસ્તુના જથ્થાની ડીલીવરી રૂટવાઈઝ કરવાની રહેશે, પરંતુ જયારે જણાવવામાં આવે ત્યારે રૂટને ધ્યાને લીધા સિવાય એક કે તેથી વધુ દુકાન / કેન્દ્રો પર ડીલીવરી કરવાની રહેશે.**

૭: **જે વ્યાજબી ભાવની દુકાનો સાંકડા રસ્તા પર કે પોળોમાં આવેલી છે ત્યાં નાના યાંત્રિક/બીન યાંત્રિક વાહનો મારફતે ડીલીવરી કરવાની રહેશે. જે વ્યાજબી ભાવની દુકાનો,મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો પણ ચોમાસાના કારણે નાના વાહનો કે ટ્રક જઈ શકે તેમ ન હોય તો ટ્રેકટર જેવા વાહનો મારફતે પણ ડીલીવરી કરવાનું અમો સ્વીકારીએ છીએ. સંજોગોવશાત રજીસ્ટ્રેશન સિવાયના વાહનનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સામાં સંબંધીત અધિકારીને અગાઉથી જાણ કરવાથી રહેશે.**

૮: **દર માસે વ્યાજબી ભાવની દુકાનો, મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રોને ફાળવણી મુજબનો જથ્થો પહોંચાડવાનો રહે છે. આ જથ્થો શકય હશે તો એક ફેરાથી એક સાથે પહોંચાડવાનો રહેશે, પરંતુ જો એક માસમાં એકથી વધુ વખત પણ જથ્થાની ડીલીવરી કરવાનું કહેવામાં આવશે તો અમો ડીલીવરી કરી આપવાનું સ્વીકારીએ છીએ.**

૯: **રવિવાર તથા રજા દિવસે પણ પરિવહનની/ ડીલીવરીની કામગીરી માટે કહેવામાં આવશે તો અમો તે કરી આપીશું. રવિવાર કે રજાનું કારણ અથવા ઉત્સવનાં દિવસો અંગેનાં કારણો આગળ ધરીને અમને કહેવામાં આવેલ પરિવહનનું કામ કરવાની અમો ના પાડીશું નહીં.**

૧૦: કોઈપણ કારણસર કોઈપણ વખતે ગોડાઉને અથવા તો વ્યાજબી ભાવની દુકાને/મધ્યાહન ભોજન કેન્દ્ર, આંગણવાડી ખાતે ટ્રકોને રોકાવુ પડે અથવા તો રોકી રાખવામાં આવે તો તેને માટે અમે કશું વળતર માંગીશું નહીં.

૧૧: કામ સરળતાથી અને ઝડપથી કરી શકાય તે માટે અમે ............................... તાલુકા મુકામે અમારી શાખા ખોલવા બંધાઈએ છીએ. તેમજ તે કચેરીમાં ટેલીફોન રાખવાનું અને પુરતા માણસો રાખવાનું પણ સ્વીકારીએ છીએ.

૧૨: પરિવહનની આ કામગીરી બજાવવામાં ડાયરેકટર્સ ઓફ ટ્રાન્સપોર્ટ બહાર પાડેલા નિયમો અને નિયંત્રણો તેમજ મોટર વ્હીકલ એકટ ૧૯૩૯ (આઈવીઓપી–૧૯૭૯) અને તે હેઠળ કરવામાં આવેલી જોગવાઈઓનું પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી અમારી રહેશે.

૧૩: અમો પ્રોવિડન્ટ ફંડ એકટ–૧૯૯૫ હેઠળ પ્રોવિડન્ટ ફંડ કોડ નંબર..........ધરાવીએ છીએ. અમો આ કરાર અન્વયેની કામગીરી માટે રાખેલ કામદારોના કરવામાં આવતા ચુકવણામાંથી પ્રો.ફંડની નિયમ મુજબ જે કપાત કરવામાં આવે તે માટે ધી એમ્પલોઈઝ પ્રોવિડન્ટ ફંડ એન્ડ મીસે. એકટ–૧૯૯૫ ની જોગવાઈઓ અનુસાર તેમાં કામ કરતા કામદારો અને કોન્ટ્રાકટર તરીકેનો પ્રોવિડન્ટ ફંડનો ફાળો અમો સંયુકત રીતે કુલ ફાળો જમા કરાવવા અમો બંધાયેલ છીએ. તેમજ આ કાયદા હેઠળ રાખવા પડતા તમામ પ્રકારનાં દસ્તાવેજો/પત્રકો/રજીસ્ટરો અમારે નિભાવવાનાં રહેશે. અને તે બાબતની સંપૂર્ણ જવાબદારી અમો સ્વીકારીએ છીએ. આ બાબતને વખતો વખત ભરવાના થતા રીર્ટન નિયમીત રીતે ભરવાની અને કોર્પોરેશનનાં અધિકારી પાસે તેની ખરાઈ કરવાની જવાબદારી અમો સ્વીકારીએ છીએ.

૧૪: બે સ્થળો વચ્ચેનાં ટુંકામાં ટુકા અંતર અને ડીલીવરી માટેના રૂટ મામલતદાર/ઝોનલ ઓફિસર નકકી કરશે તે અમને સ્વીકાર્ય રહેશે.

૧૫: માલની હેરફેર માટે ખાલી ટ્રક મોકલવા માટેનું અંતર પણ ધ્યાનમાં લેવાનું નથી. આ બાબત અમો સ્વીકારીએ છીએ.

૧૬: અમારા પ્રતિનિધિ કે ટ્રકનો હવાલો સંભાળતા અમારા કોઈપણ કર્મચારી કે ડ્રાઈવરને જે માલ સોંપવામાં આવે તે માલ અમને સોપ્યા બરોબર ગણાશે. અમને જરૂર જણાય તો અમારા ખર્ચે આ અંગેનો વીમો લઈશું. પરંતુ આ માલ જે તે સ્થળે સલામત પહોંચાડવા અંગે અમારી સંપૂર્ણ જવાબદારી અમો સ્વકારીએ છીએ.

૧૭: માલ હેરફેર માટે અમોને સોંપવામાં આવશે તે માલ જે તે સ્થળે મુળ હાલતમાં અમે સોંપીશું. પરિવહન દરમ્યાન અનાજ અને અન્ય ચીજવસ્તુઓમાં કોઈપણ જાતની ઘટ સરકાર/કોર્પોરેશન માન્ય રાખશે નહિં. અને જે પરિવહન ઘટ આવે તેની જવાબદારી અમારા શીરે રહેશે. અને જે કોઈ ઘટ જણાશે તો જે તે ચીજવસ્તુનાં બજારભાવનાં દોઢ ઘણાં દરે વસુલાત કરવામાં આવશે. જે ભરપાઈ કરી આપવા અમે બંધાઈએ છીએ.

૧૮: આ કરારનામાની શરતોના યોગ્ય પાલનની બાંહેધરી પેટે અમો રૂા.......................ની .................. બેન્કના યુટીઆર નંબરથી નિગમના....................બેક શાખાના ચાલુ ખાતા નં.................માં આરટીજીએસ/નેફટ ટ્રાન્સફરથી તારીખ. ....................ના રોજ સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવેલ છે. આ કરારનામાની કોઈપણ શરતોનો ભંગ થશે તો કોર્પોરેશન અમારી સામે કોઈપણ કાયદેસર પગલા ભરવાના તેના અધિકારને બાધ આવ્યા સિવાય (કરારખત રદ કરવા સહિત) આ અનામતની પુરેપુરી રકમ અથવા તો તેનો અમુક ભાગ દંડ તરીકે અથવા તો કરારખતને કારણે થયેલ નુકશાનની વસુલાત પેટે અથવા તો કરારનામા હેઠળ ઉભા થયેલ કોઈ બાકી દેવા અથવા અન્ય કોઈપણ લેણા પેટે જપ્ત કરી શકશે. જપ્ત થયેલી રકમ અમો તાત્કાલીક ભરપાઈ કરી પુરી કરી આપવાનું અમે સ્વીકારીએ છીએ.

૧૯: ઇજારદારે જે તે તાલુકા/ઝોન માટેની જરૂરિયાત મુજબના નિગમની કચેરીના અધિકારી તેમજ તેમના પ્રતિનિધિ દ્વારા જણાવ્યા મુજબ સમયસર વાહનો /ટ્રકો પુરા પાડવાના રહેશે અને ઉપર જણાવ્યા મુજબ ટ્રકો/વાહનો પુરા નહિ પાડી શકવાની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જે ઈજારદારને બંધનકર્તા રહેશે.

તેમજ નિગમ દ્વારા રોજેરોજ જેટલી ટ્રકો કે વાહનો પુરા પાડવાનું જણાવવામાં આવે તે કરતા ઈજારદાર દ્વારા જેટલી ઓછી ટ્રકો/વાહનો પૂરી પાડવામાં આવશે તેટલી ટ્રકો/વાહનો માટે પ્રતિ દિન/પ્રતિ ટ્રક/વાહન દીઠ રૂ. ૧૦૦૦/- ની પેનલ્ટી(દંડ) કરવામાં આવશે. જે ઈજારદારને બંધનકર્તા રહેશે.

૨૦: સરકાર ઈચ્છે તો અમોને લેખીત જાણ કરી ફકરા–૧ માં દર્શાવેલ કોન્ટ્રાકટની મુદતમાં આજ ભાવ અને શરતોથી ત્રણ મહિના સુધીનો વધારો કરી શકશે. જે અમને બંધનકર્તા રહેશે.

૨૧: પરિવહન કરવામાં આવેલ જથ્થાના બીલો કામગીરી પુરી થયા બાદ દિન ૭ માં નિગમની કચેરીએ ગોડાઉન મેનેજરશ્રી પાસેથી બીલ મુજબનો જથ્થો ઈસ્યુ થયેલ જથ્થા મુજબ બરાબર છે તેની ખાત્રી કરી પ્રમાણિત કરાવી રજુ કરવાના રહેશે. બીલો સ્કીમવાઈઝ અને જન્સીવાઈઝ રજુ કરવાના રહેશે. બીલ રજુ થયેથી પ્રાથમિક ચકાસણી કરી બીલની ચુકવણી કરવામાં આવશે જો તેમ શકય ન હોય તો ૭૫ % પ્રમાણે ચુકવણી કરવાની રહેશે. અને આખરી ચુકવણી બે માસમાં પુરી થઈ જાય તે રીતે બીલની ચુકવણી કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

૨૨: આ કરારનામા હેઠળ જે રકમો સરકાર/કોર્પોરેશનને અમારી પાસે લ્હેણી નીકળતી હોય અથવા અમારે કોર્પોરેશનને ચુકવવાની થતી હોય તે તમામ રકમો કોર્પોરેશન અમારી પાસે વાર્ષિક ૧૫ % વ્યાજ સીહત વસુલ કરી શકશે અને આવી વસુલાત સરકાર/ કોર્પોરેશન અમારી પાસેથી રેવન્યુ રાહે પણ કરી શકશે.

૨૩: અમો ................ તાલુકા/ઝોન વ્યક્તિ/પેઢીના ભાગીદાર તરીકેની તરફેણમાં વ્યાજબી ભાવની દુકાન ધરાવતા નથી કે અમારા કુટુંબના કોઇ વ્યક્તિ વ્યાજબી ભાવની દુકાન ધરાવતા નથી. પરંતુ જો પાછળથી અમો કે અમારા કુટુંબના વ્યક્તિ કે પેઢીના ભાગીદાર વ્યાજબી ભાવની દુકાન ધરાવતા હોવાનું ધ્યાને આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. અમો ................ તાલુકા/ઝોનમા ટેન્ડરર વ્યકિત કે પેઢીના ભાગીદાર , મંડળી કે કંપનીના ડીરેકટર કે જે જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ કે અન્ન નાગરિક પુરવઠા ખાતાને લગતી અન્ય કોઈ પણ સમિતિના સભ્ય તેમજ આ પણકારની કામગગીરી સાથે સંકળાયેલ કોઈપણ વ્યકિત,પેઢી,ભાગીદાર, મંડળી, ટ્રસ્ટ કે કંપનીના હોદ્દેદાર કે સરકારી વિભાગ સાથે સંકળાયેલ નથી પરંતુ જો પાછળથી આ બાબત ધ્યાને આવશે તો ઇજારો રદ કરવામાં આવશે. જે અમોને બંધનકર્તા રહેશે.

૨૪. અમો ટેન્ડરર વ્યકિત કે પેઢીના ભાગીદાર, મંડળી કે કંપનીના ડીરેકટર, જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ કે અન્ન નાગરિક પુરવઠા ખાતાને લગતી અન્ય કોઈ પણ સમિતિના સભ્ય નથી પરંતુ જો પાછળથી આ બાબત ધ્યાને આવશે તો ઈજારો રદ કરવામાં આવશે.

૨૫: આ કરારખત પર સ્ટેમ્પ ડયુટી અમારે(ઈજારદારે) ભોગવવાની છે.

૨૬: ઈજારાના સમય દરમ્યાન ડીઝલના ભાવમાં કોઈપણ ભાવ વધારો થાય તો પરિવહનના દરમાં કોઈપણ જાતનો વધારો આપવામાં આવશે નહિ તે અમો સ્વીકારીએ છીએ.

૨૭: આ કરારનામાની કોઈપણ પ્રકારની તકરાર ઉપસ્થિત થશે તો તેનું જયુરીડીકશન .................. રહેશે.

૨૮: આ કરારનામાની કોઈ શરતોના અર્થઘટન માટે કોઈ વિવાદ ઉભો થશે તો કલેકટર/અન્ન નિયંત્રકશ્રીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે. અને તે અમને બંધનકર્તા રહેશે.

૨૯: આ કરાર અમો કોન્ટ્રાકટરશ્રી ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... આજ તારીખ ............... માહે... ... ... ... ... વર્ષ.......... નાં રોજ .......... મુકામે સમજી વિચારીને અમારી શુધ્ધ બુધ્ધિથી કર્યો છે. જે અમારા વાલી, વારસો, એસાઈનીઓ/ ભાગીદારોને વ્યકિતગત તેમજ સામુહિક રીતે બંધનકર્તા રહેશે.

રૂબરૂ
(૧) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરની સહી/સિકકો

કલેકટર ........... વતી

રૂબરૂ
(૧)